

# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૬ ● અંક : ૭૦

ફેબ્રુઆરી-૨૦૧૩





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | શ્રી કૃષ્ણે નરનારાયણની મૂર્તિ બનાવી | ૦૪ |
| ૦૪. | મહિમાવંત મૂળી ધામમાં ઉજવાયો મહામહોત્સવ | ૦૬ |
| ૦૫. | શું મહારાજને ખરેખર રાજી કરવા છે ? | ૦૮ |
| ૦૬. | જેમ છે તેમ વાત | ૦૯ |
| ૦૭. | સોનેરી ઘડી સહજાનંદની | ૧૦ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૧ |
| ૦૯. | આનંદની હેલી | ૧૩ |
| ૧૦. | સત્સંગ બાલવાટિકા | ૧૪ |
| ૧૧. | ભક્તિ સુધા | ૧૬ |
| ૧૨. | પ્રશ્ન પેટી | ૧૯ |
| ૧૩. | સત્સંગ સમાચાર | ૨૦ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● વંશ પરંપરાગત દેશમાં રૂા. ૫૦૧-૦૦ ● વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

આ વખતે શિયાળામાં ઠંડી સારી પડી. જો કે ઋતુના ચક્ર મુજબ જે તે ઋતુનો પ્રભાવ પડે તો જ જગતના જીવ પ્રાણી માત્રને સુખ આવે. સમગ્ર સૃષ્ટિનું જીવન સાનુકુળ બને.

મહારાજે આપણા ઉપર ખૂબ દયા કરી છે. આપણને બધું જ સાનુકુળ કરી આપ્યું છે. જો આપણે મહારાજની આજ્ઞા ચૂસ્ત પણે પાળીએ તો, નહીં તો પ.પૂ. મોટા મહારાજશ્રી વારંવાર કહે છે તેમ દુઃખ આપણે ખોતરી ખોતરીને ઉભું કરીએ છીએ. આજ્ઞા લોપાય એટલે દુઃખ થાય. માટે ખાસ ધ્યાન રાખવું કે આજ્ઞા પાળવાનો ખટકો રાખવો.

સર્વાવતારી શ્રીહરિએ સંપ્રદાયમાં સૌ પ્રથમ શ્રીનગર અમદાવાદમાં સ.ગુ. આનંદાનંદ સ્વામી પાસે ત્રણ શિખરનું અદ્વિતીય બેનમૂન મંદિર નિર્માણ કરાવીને સ્વયં બાથમાં લઈ સ્વસ્વરૂપ પરમકૃપાળુ પરમાત્મા ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવને પ્રતિષ્ઠાપિત કરીને સમગ્ર આશ્રિત માત્રનું કલ્યાણ અને મોક્ષનું દ્વાર ખુલ્લું મૂક્યું. તેવા મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવનો ૧૯૧ મો પાટોત્સવ મહોત્સવ ફાગણ સુદ-૩ના સંપ્રદાયના શ્રી નરનારાયણદેવ પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદવિધિસર સંપન્ન થશે. દેશ વિદેશના સર્વે હરિભક્તોને આવા અલૌકિક દર્શનનો લાભ લેવા ખાસ અનુરોધ છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(જાન્યુઆરી-૨૦૧૩)**

૩. શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી પારાયણ પ્રસંગે પધરામણી.

૫. શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
સાંજે રામપર (કચ્છ) પધરામણી.

૬. રામપર (કચ્છ) પધરામણી.

૭. શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર અને મહાદેવનગર (અમદાવાદ) શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૦ થી ૩૧ જાન્યુઆરી સીડની અને પર્થ (ઓસ્ટ્રેલીયા) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી અને ત્યાંથી અમેરિકાના ધર્મપ્રવાસે પધરામણી.



## પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(જાન્યુઆરી-૨૦૧૩)**

૧૧ થી ૩૦ જાન્યુઆરી શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની અને પર્થ (ઓસ્ટ્રેલીયા) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે અને મેલબોર્ન (ઓસ્ટ્રેલીયા) મંદિરના પ્રથમ પાટોત્સવ પ્રસંગે પધરામણી. ત્યાંથી ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) પધરામણી.

# શ્રી કૃષ્ણે નરનારાયણની મૂર્તિ બનાવી

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



આપણા સંપ્રદાયનું વિશ્વમાં સર્વ પ્રથમ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ રાજાધિરાજ પરબ્રહ્મ ભગવાન તપસ્વી અવતારી શ્રી નરનારાયણ ભગવાનને મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે બાથમાં લઈને પધરાવ્યા તે સમયે સંપ્રદાયનો વિજય જય જયકાર આખા દેશમાં થયો. શ્રીનરનારાયણ ભગવાનના યુગલ સ્વરૂપની ગાથા અલૌકિક છે. જે કોઈ ભાવપૂર્વક શ્રવણ-મનન ચિંતન કરે તેના જન્મોજન્મના પાપ બળી જાય.

અંગ્રેજ ગવર્નર સર ડનલોપના પુણ્ય પ્રયાશ થી રાણી વિકટોરીયાએ યાવત્ચંદ્ર દિવાકરૌ પર્યન્તની જમીનનો બક્ષીસ લેખ કરી આપ્યા બાદ શ્રીજી મહારાજે શિલ્પ શાસ્ત્રના પંડિત જ્યોર્તિધર પૂર્વાશ્રમના ભરતપુર રાજસ્થાનના રાજવી સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીને મંદિર બાંધવાની સેવા સોંપી. માત્ર બે વર્ષના અલ્પ સમયમાં જ મંદિરનું બાંધકામ પૂર્ણ થતાં આનંદ સ્વામીએ મહારાજને મૂર્તિયો બનાવવા સંદેશો મોકલ્યો ત્યારે શ્રીહરિએ શુધ્ધજ્ઞાનાનંદ સ્વામી, નૃસિંહાનંદ સ્વામી અને સુખાનંદ સ્વામી એમ ત્રણ સંતોને મૂર્તિયોની માહિતી આપીને ડુંગરપુર મોકલ્યા. ત્યાં કેટલાક દિવસમાં શ્રી નરનારાયણ ભગવાનની મૂર્તિ સિવાયની મૂર્તિયો તૈયાર થતાં ઉંટ પર ચડાવીને અમદાવાદ મોકલી આપી. શ્રીનરનારાયણ ભગવાનના સ્વરૂપ શિલ્પીએ અગાઉ ક્યારેય બનાવેલ ન હોવાથી દ્વિધામાં ને દ્વિધામાં વિલંબ થતો રહ્યો. સંતો કામને ઝડપી કરવા વારંવાર ઠપકો આપતા. પરંતુ વિલંબ થયા જ કરે. એવામાં આનંદ સ્વામીએ પત્ર લખીને પાર્ષદને મોકલ્યા, કે હવે મંદિરનું કામ પૂર્ણ થયું છે. શ્રીહરિ મૂર્તિયો પધરાવવા થોડા જ દિવસમાં પધારશે. ૧૮૭૮ ફાગણ સુદિ ત્રીજનું મુહૂર્ત નક્કી કરીને કંકોતરી ગામોગામ પહોંચી ગઈ છે. મુખ્ય સ્વરૂપ શ્રી નરનારાયણની મૂર્તિયો હજી સુધી આવી નથી. અમોને ખૂબજ ચિંતા થાય છે. ગમે તેમ કરીને પણ મહા વદ-અમાસ સુધીમાં પહોંચી આવે તો જ આબરુ રહે. નહીંતર સંપ્રદાયનું પ્રથમ મંદિર હોય મૂર્તિયો વિના વિરોધીઓ નિંદા કરશે. મહારાજનો ઠપકો સાંભળવો પડશે.

પત્ર વાંચી ત્રણેય સંતો મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા કે હવે તો પ્રભુ શિલ્પીના હાથની વાત નથી. આપ કંઈ દયા કરો તો જ મૂર્તિયો મળી શકે તેમ છે. તે દિવસની રાત્રે શ્રીજી મહારાજે સંતોને દર્શન આપીને કહ્યું કે, પૂર્વ દિશાના અમુક ઝાડને અડીને આવેલ ખેતરના ઈશાન ખૂણામાં મૂર્તિયો જમીનમાં દબાવેલી છે. તે મૂર્તિયો કાઢીને મોકલી આપો. સંતોએ વહેલી સવારે જાગીને શિલ્પીઓને વાત કરી અને શિલ્પીના જ ખેતરમાંથી અતિ મનોહર સુંદર શ્યામ વર્ણના શ્રી નરનારાયણ ભગવાનના સ્વરુપ જમીનમાં ખોદીને બહાર કાઢ્યા. સંતોએ ઉંટ પર ચડાવી બે અલગ અલગ ઉંટ પર કાલે સવાર સુધીમાં પહોંચાડવાની શરત કરી.

બન્ને ઉંટવાળા ડુંગરપુરથી નિકળ્યા. ૧૮૦ કિ.મી. દૂર ઉંટને આવતાં ત્રણ દિવસ તો થાય જ. પરંતુ આ ઉંટવાળા કોઈ આ લોકના ન હતા. દેવ લોકમાંથી આવેલા ઉંટવાળા એક જ રાત્રીમાં વહેલી સવારે હજી મંદિરના દરવાજા ખૂલ્યા નથી તેનાં પહેલાં આવી પહોંચ્યા.

મૂર્તિયોની ચિંતામાં આનંદાનંદ સ્વામીને તો નિંદ્રા આવતી નથી. રાત્રે ઉંટ પર મૂર્તિયો આવેલી જોઈને જાણે દેહમાં જીવ આવ્યો. સાચવીને મૂર્તિયો ઉતારી. ઉંટવાળાને મહેનતાણું આપવા લાગ્યા ત્યારે તેઓએ ના લીધું. અને કહ્યું કે અમારા શેઠે ભાડુ લેવાની ના પાડી છે. થોડીવારમાં

તો દરવાજે જતાં જતાં તો ઉંટ અને ઉંટવાળા અદશ્ય થઈ ગયા.

સવારમાં શ્રીહરિ મૂર્તિયો જોવા પધાર્યા ત્યારે ખૂબજ પ્રસન્ન થયા. બોલ્યા કે આ મૂર્તિયો ભક્તો સાથે વાતો કરે એવી છે. આપણે આ લેખમાં માત્ર નરનારાયણની મૂર્તિયોની વિષે લખવું છે. તો ડુંગરપુરમાં એકાદશીના રાત્રે શ્રીજી મહારાજે દર્શન આપીને જે કહ્યું તે ઈતિહાસ જાણવા જેવો છે. અમદાવાદ મંદિરમાં બિરાજમાન શ્રીનરનારાયણ ભગવાનની મૂર્તિયોની કથા એવી છે કે :

એકવાર ભગવાન શ્રીકૃષ્ણ બદ્રિકાશ્રમ પધાર્યા. કઠીન તપસ્યા કરતા નૈષ્ઠિક વ્રતધારી મનુષ્યાવતાર શ્રીનરનારાયણ સ્વરૂપના દર્શન કર્યા. ભરતખંડના ભક્તોના કલ્યાણના માટે જ તપ કરતા બન્ને સ્વરૂપની પૂજા કરી. તે સમયે સંકલ્પ કર્યો કે ભરતખંડમાં ભવ્ય મંદિર બનાવી તેમાં આ બન્ને સ્વરૂપની મૂર્તિયો મારે પધરાવવી છે.

ભગવાન કૃષ્ણ દ્વારિકા આવ્યા. ત્યાં પોતાની દેખરેખ હેઠળ બદરીકાશ્રમની તપો મૂર્તિ શ્રીનરનારાયણ ભગવાનની શ્યામ પથ્થરમાં બે મૂર્તિયો શિલ્પકાર પાસે ઘડતર કરાવી.

ભગવાન શ્રીકૃષ્ણનો અવતારનો સમય મોટા ભાગે અધર્મના સંહારમાં જ પૂર્ણ થતાં મંદિર બનાવાના સંયોગો થયા નહિ, તેથી ભગવાન સ્વામિનારાયણ સ્વરૂપે પ્રગટ થવાના સમયે આ સંકલ્પ પૂર્ણ કરવા સુધી આ મૂર્તિયોને સાચવવા રથમાં મુકી મૂર્તિયોના ઘડવૈયા શિલ્પીયોનું નગર ડુંગરપુરમાં મોકલી. એક શિલ્પીને આ મૂર્તિયો સાચવી રાખવા ભલામણ કરી. ઘણા સમય બાદ તે શિલ્પીએ તે મૂર્તિયો કોઈને ન આપતાં તેને લાંબો સમય સાચવવા પોતાના ખેતરમાં સલામત સ્થાને દબાવી દીધી. નિર્દેશ કરેલ જગ્યાએ ખોદવાથી પાંચ હજાર વર્ષનો દીર્ઘ સમય વિત્યો હોવા છતાં સલામત રીતે જમીનમાં સચવાયેલી શ્રી નરનારાયણ ભગવાનની મૂર્તિયો મળી. જેને સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે સ્વ સાનિધ્યમાં ઘડાવીને તૈયાર કરેલ છે. ભગવાન જેના ઘડવૈયા હોય અને ભગવાન જેને બાથમાં લઈને પધરાવેલ હોય તે મૂર્તિયોની અલૌકિકતા તો અવર્ણનીય હોય. શ્રીહરિએ બાથમાં લઈને પધરાવ્યા પછી યથાસ્થાને (ફેરફાર વિના) અખંડ બિરાજમાન **સંપ્રદાયમાં એક માત્ર શ્રી નરનારાયણ ભગવાનની મૂર્તિયો અમદાવાદમાં છે.**

મૂર્તિયો પધરાવીને ઉંબરા પર બેસી અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ સ્વામિનારાયણ ભગવાન બોલ્યા કે, અમો શ્રી નરનારાયણની મૂર્તિમાં અખંડ રહીને ભક્તોના મનોરથ પુરા કરીશું. અમારામાં અને નરનારાયણના સ્વરૂપમાં ભેદ માનશો નહિ. અમારા જ સ્વરૂપ છે. જે ભેદ માનશે તે ગુરુ દ્રોહી - વચન દ્રોહી છે. વચનામૃત અમદાવાદ-૬-૭, જેતલપુર-૫, ગ.પ્ર.૪૮-૭૪, સારંગપુર-૧૬. એટલે તો અમદાવાદ પછીના મંદિરોમાં પણ નરનારાયણના સ્વરૂપ પધરાવ્યાં તેમાં ભૂજ સિવાયના મંદિરોમાં નરનારાયણના નામ બદલીને રણછોડરાય ત્રિકમરાય નવા નાકરણ કર્યા છે. પણ અન્તે તો શ્રી નરનારાયણ ભગવાન જ છે. વળી જૂનાગઢમાં તો મધ્ય મંદિરમાં જ બિરાજમાન છે.

અમદાવાદમાં બિરાજમાન શ્રી નરનારાયણ ભગવાનની મૂર્તિયોની કોપી કોઈનાથી આજ સુધી થયેલ નથી અને ભવિષ્યમાં થશે પણ નહિ, કેમ કે ભગવાન શ્રીકૃષ્ણએ કંડારેલ સ્વરૂપ છે. કેવા સુંદર, મનોહર, નયન રમ્ય, દિવ્ય, અલૌકિક, મનમોહક, શાન્ત, ધૈર્યવાન, પ્રગટ પૂર્ણ પુરુષોત્તમ અક્ષરધામના અધિપતિનું તપસ્વી સ્વરૂપ, ધર્મ મૂર્તિના નંદન શ્રી નરનારાયણ ભગવાન બિરાજમાન છે. જેને પ્રતિતી થાય તેના ભાગ્યનો કોઈ પાર નથી. શ્રીજી મહારાજ અને શ્રીનરનારાયણમાં જેને ભેદ જણાય તેના દુર્ભાગ્યનો અંત નથી. કેમ કે ધર્મસુતના વચન એજ ધર્મ છે.


**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

www.swaminarayan.info

www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

# સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી દ્વારા નિર્માણ થયેલ મહિમાવંત મૂળી ધામમાં ઉજવાયો મહામહોત્સવ

- સ.ગુ. સ્વામી શ્યામસુંદરદાસજી (મહંતશ્રી મૂળી)

શ્રીજી મહારાજના પ્રિય સખા એટલે સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી, જેમના દ્વારા ભવ્ય મંદિરનું નિર્માણ થયું અને ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રતિષ્ઠા કરીને મહાપ્રતાપી એવા શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ ઝાલાવાડ પંથકમાં ભક્તોના સુખને વાસ્તે પધરાવ્યા છે એવું મૂળી ધામ. અને એવી મહિમાવંત ધરા પર શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રાંગણે ઉજવાયો મહામહોત્સવ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તથા શ્રીસ્વામિનારાયણ મંદિર મૂળીના મહંત સ્વામી સ.ગુ. શ્યામસુંદરદાસજીની પ્રેરણાથી પ.ભ. શ્રી રમેશભાઈ નારણભાઈ ખેતાણી પરિવાર હ. સુપુત્ર કિશનભાઈ દ્વારા આયોજીત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, પ્રથમ ભવ્ય શાકોત્સવ, રૂક્ષ્મણી વિવાહ, શોભાયાત્રા, શ્રીરાધાકૃષ્ણદેવ આદિનો મહાભિષેક, ૧૪ સંહિતા પાઠ, અન્નકૂટ દર્શન, રાત્રીય કાર્યક્રમ, વ્યાખ્યાન માળા આદિ પ્રસંગો તા. ૩૧-૧૨-૨૦૧૨ થી તા. ૬-૧-૨૦૧૩ પર્યંત શ્રી સ્વામિનારાયણ મંદિર, મૂળીના પટ્ટાંગણમાં ધામધૂમથી ઉજવાયા. જેમાં ઝાલાવાડ પંથકના હજારો હરિભક્તોએ મહાલાભ લીધો. પ્રથમ દિવસે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણની પોથી યાત્રા ધામધૂમથી નીકળી. સર્વે યજમાનશ્રી ઓએ જેમાં ઉત્સાહભેર લાભ લીધો. ત્યારબાદ કથાનો પ્રારંભ થયો. જેના વક્તાપદે સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજીએ બિરાજમાન થઈ ભક્તોને કથા રસમાં તરબોળ કર્યા હતાં. સાતે સાત દિવસ કથા શ્રવણ કરવા આવનાર સર્વે ભક્તો માટે બન્ને ટાઈમ ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. કથા શ્રવણ બાદ ભવ્ય રાત્રીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. મહામહોત્સવના ત્રીજા દિવસે તા. ૨-૧-૨૦૧૩ ના રોજ બહેનોની સભામાં સર્વે ખેતાણી પરિવારના યજમાન બહેનોને દર્શન અને આશીર્વાદ આપવા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને રાત્રીય સમયે કીર્તન ભક્તિનું આયોજન થયેલ. જેમાં વાંકાનેરના ધ્યાની મંડળના ભક્તોએ બ્રહ્માનંદ સ્વામીની કીર્તન ધારા દ્વારા ભક્તોને રત કરી દીધા હતા. તા. ૩-૧-૨૦૧૩ ના રોજ સવારના સત્રમાં શ્રીમદ્ ભાગવત કથા અંતર્ગત આવતો શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી ઝાલાવાડ પંથકના ગામડેથી પધારેલા સર્વે ભક્તોએ હર્ષોલ્લાસ ભેર સભામંડપમાં જ કરી હતી અને સાંજના સત્રમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી સભામાં થઈ અને જે મૂર્તિના સાનિધ્યમાં શ્રીજી મહારાજે આજથી ૧૯૦ વર્ષ પહેલા શાકોત્સવ કર્યો હતો એજ મૂર્તિ એટલે મૂળી નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં પ્રથમ ભવ્ય શાકોત્સવની ઉજવણી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સ્વહસ્તે શાક વધારીને કરી હતી. ધર્મકુળ દર્શન અને શાકોત્સવનો પ્રસાદ લાભ લેવા માટે ૧૦ હજાર જેટલા ભક્તોએ લાભ લીધો હતો. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદમાં સર્વે ભક્તોને રાધાકૃષ્ણદેવની નિષ્ઠા દૃઢ રાખવાની ભલામણ કરી અને આવતી ગુરુ પૂર્ણિમા મૂળી ધામે ભવ્યાતિભવ્ય ઉજવાશે. એવી જાહેરાત પણ થઈ હતી. અને છેલ્લે યજમાનશ્રીના સુપુત્ર કિશનની બર્થડેની ઉજવણી પણ પ.પૂ. મહારાજશ્રીના સાનિધ્યમાં કેક કાપીને કરવામાં આવી હતી. ત્યારબાદ સભા પૂર્ણ થઈ હતી અને રાત્રીય કાર્યક્રમમાં સંપ્રદાયના સુપ્રસિદ્ધ કલાકાર પૂરવભાઈ પટેલ તથા મયંક મોદી દ્વારા રાસ ગરબાનું આયોજન સુંદર રીતે સંપન્ન થયું.

મહામહોત્સવના પાંચમાં દિવસે તા. ૪-૧-૨૦૧૩ ના રોજ સવારના સત્રમાં ત્રિદિનાત્મક યજ્ઞનો પ્રારંભ થયેલ. પ.ભ. શ્રી રમેશભાઈ ખેતાણી પરિવારજનોએ લાભ લીધો હતો અને સભામાં બહેનો વિભાગમાં યજમાન પરિવારના બહેનોના આમંત્રણને માન આપી ધામોધામના ૧૦૦ જેટલા સાંખ્યયોગી બહેનોની હાજરી સાતે સાત દિવસ હતી. આમ બન્ને ટાઈમ સુંદર કથા શ્રવણ બાદ રાત્રીના સમયે ભવ્ય સત્સંગ ડાયરાનું આયોજન થયું. મહામહોત્સવના છઠ્ઠા દિવસે તા. ૫-૧-૨૦૧૩ ના રોજ સવારના સત્રમાં પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી અને યજમાન પરિવારની લાગણી અને માગણીને લઈ સભા સર્વે ભક્તોને જે સુવાસિની ભાભીના પ્રસાદીના કડલાં હતા એના દર્શન થયા હતા. જે પ્રસંગ અવિસ્મરણીય બની ગયો હતો. બહેનોની સભામાં પૂ. મોટા મહારાજશ્રીના બહેનશ્રી અને બન્ને ભાણીબાએ પણ આ પ્રસાદીના કડલાના દર્શન કર્યા હતા. અને સભાના બીજા સત્રમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા ત્યારે પ્રસાદીનું જે માંડવરાયજીનું મંદિર છે ત્યાંથી પૂ. લાલજી મહારાજશ્રીની શોભાયાત્રા રંગેચંગે અને ધામધૂમથી મંદિર સુધી આવી હતી. જેમાં મૂળી ગામના ક્ષત્રિય ભક્તોએ પણ દરબારી વેષ ધારણ કરી વિશેષ ઉત્સાહથી લાભ લીધો હતો. અને ત્યારબાદ પૂ.

લાલજી મહારાજશ્રી સભામાં પધારી સર્વે ભક્તોને દર્શન અને આશીર્વાદનો લાભ આપ્યો હતો. બહેનોના વિભાગમાં બહેનોના ગુરુ પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. ગાદીવાળાશ્રીએ પણ ખેતાણી પરિવારના બહેનો અને સર્વે બહેનોને વિશેષ દર્શન અને આશીર્વાદનો લાભ આપ્યો હતો. મહામહોત્સવનાં છેલ્લા દિવસે સવારે સંતો દ્વારા શ્રીરાધાકૃષ્ણદેવ આદિ દેવોનો મહાભિષેક થયો. જેના દર્શન ભક્તોએ ઘણી ભીડ વચ્ચે પણ કર્યા હતાં. અને ત્યારબાદ અન્નકૂટની આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારી હતી. બીજી બાજુ સભાનો પ્રારંભ થયો અને પૂ. મોટા મહારાજશ્રીએ ત્રિદિનાત્મક યજ્ઞની પૂર્ણાહુતિ કરીને સભામાં પધાર્યા અને યજમાનશ્રી પ.ભ. રમેશભાઈ તથા સુપુત્ર કિશન તથા સમગ્ર પરિવારજનોને આશીર્વાદરૂપ શુભેચ્છા પાઠવી પ્રસાદીની મૂર્તિ અને ખેસ ભેટ સ્વરૂપે આપેલ અને છેલ્લે કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. આવા સુંદર કરેલ કાર્ય બદલ મૂળીના મહંત સ્વામી આદિ સંતોને અને યજમાનશ્રીને આશીર્વાદ પાઠવ્યા અને સર્વે ભક્તોને શ્રીરાધાકૃષ્ણદેવની વફાદારી રાખવાની ભલામણ કરી હતી. સાત દિવસ જેઓ સંહિતાપાઠ વક્તા તરીકે હતા એવા ૭ સંતો અને ૭ ભૂદેવોનું પૂજન પ.પૂ. મોટા મહારાજશ્રી દ્વારા થયું હતું અને ત્યારબાદ સભામાંથી વિદાય લીધી હતી. સમગ્ર આયોજન દરમ્યાન પાંચમાં દિવસે સાંજના સત્રમાં કથા અંતર્ગત રૂક્ષ્મણી વિવાહનું આયોજન પ્રસાદીની હવેલીમાં કરેલ. જેમાં વરપક્ષના યજમાન લાલજીભાઈ હતા અને કન્યા પક્ષના યજમાન પ.ભ. શ્રી રમેશભાઈ ખેતાણી હતા.

સાતે સાત દિવસ સવાર અને સાંજ સંતો દ્વારા અડધો કલાક સુધી વ્યાખ્યાનમાળાનું (કથા)નું આયોજન કરેલ. જેમાં સ.ગુ.શા. પી.પી. સ્વામી (જેતલપુરધામ), સ.ગુ.શા. સ્વામી સૂર્યપ્રકાશદાસજી (વાંકાનેર), સ.ગુ.શા. સ્વામી ઉતમપ્રિયદાસજી (ચરાડવા), સ.ગુ. સ્વામી બાલસ્વરૂપદાસજી (મૂળી), સ.ગુ.શા.સ્વા. સત્યપ્રકાશદાસજી (મૂળી), સ.ગુ.શા.સ્વામી ધર્મવલ્લભદાસજી (મોરબી), સ.ગુ.શા. સ્વામી નીલકંઠચરણદાસજી (હળવદ) આદિ સંતોએ ખૂબ સુંદર વ્યાખ્યાનમાળાનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે ધામોધામથી ઘણી મોટી સંખ્યામાં સંતો પધાર્યા હતા અને પ્રેરકવાણીનો લાભ આપેલ.

સમગ્ર આયોજનમાં સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (અમદાવાદ મહંતશ્રી), સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી), સ.ગુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી (સુરેન્દ્રનગર મહંતશ્રી), સ.ગુ.શા.સ્વા. સૂર્યપ્રકાશદાસજી (વાંકાનેર), સ.ગુ.શા. પી.પી. સ્વામી (મહંતશ્રી નારાયણઘાટ), સ્વામી જયકૃષ્ણદાસજી, કો.સ્વા. વૃજભૂષણદાસજી, સ.ગુ. સ્વામી બાલસ્વરૂપદાસજી, સ્વામી મુકુંદપ્રસાદદાસજી, સ્વામી હરિકૃષ્ણદાસજી, સ્વામી નારાયણપ્રિયદાસજી, જે.પી. સ્વામી (ટ્રસ્ટીશ્રી મૂળી), સ્વામી અનિરુદ્ધદાસજી, સ્વામી પ્રેમવલ્લભદાસજી (ટ્રસ્ટીશ્રી મૂળી), સ્વામી સત્યપ્રકાશદાસજી, પાર્ષદ પ્રવિણ ભગત, પાર્ષદ ચંદુ ભગત, પાર્ષદ ભરત ભગત આદિ સંતો-ભક્તોના અથાગ અને અજોડ પરિશ્રમથી પ્રસંગ દિપી ઉઠ્યો હતો. જેમાં વડીલ સંતોએ તો ધર્મકુળના સાનિધ્યમાં ભક્તોને આશીર્વાદ પણ પાઠવ્યા હતાં. આ સમગ્ર આયોજનમા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ મૂળી દેશના સર્વે યુવાનોએ અજોડ સેવા કરી હતી જે પ્રેરણારૂપ અને પ્રશંસનીય છે. સમગ્ર મહામહોત્સવ દરમ્યાન સભાનું સંચાલન સ.ગુ.શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું.

**(આઈ.એસ.એસ.ઓ.) સાનફ્રાન્સિસ્કો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ (૨૯ નવેમ્બર થી ૨ ડિસે.-૧૨)**

સર્વોપરિ શ્રીજી મહારાજની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અને પૂ.શા.પી.પી. સ્વામી (જેતલપુર) અને હરિપ્રકાશ સ્વામીની પ્રેરણાથી સાનફ્રાન્સિસ્કો ખાતે નૂતન ભવ્ય મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ગુરુવારે પધાર્યા ત્યારે હરિભક્તો દ્વારા ભવ્ય સ્વાગત સામૈયુ થયુ હતું. સાંજે કથામાં પધારીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પૂ. યોગેન્દ્રભાઈ ભટ્ટે સુંદર કથા કરી હતી. ૩૦ નવે.ના સવારે પ.પૂ. મહારાજશ્રીના હસ્તે વિધિવત રીતે વિષ્ણુયાગનો પ્રારંભ થયો. આ પ્રસંગે અમેરિકાના દરેક ચેપ્ટરોમાંથી હરિભક્તો પધાર્યા હતા.

શનિવારે સવારે યજ્ઞ અને બપોરે ભવ્ય શોભાયાત્રા પ.પૂ. મહારાજશ્રીના સાનિધ્યમાં ધામધૂમથી શહેરના રાજમાર્ગો પર નીકળી હતી. આ પ્રસંગે સભામાં પૂ. બિન્દુરાજા પણ પધાર્યા હતા. ધૂન, કીર્તન અને રાસનું આયોજન પણ સુંદર થયુ હતું. આજ સમયે વરસાદ ના છાંટણા સાથે અમી વર્ષા થઈ હતી. સ્વયં સાક્ષાત્ શ્રીહરિ અપર સ્વરૂપે પધાર્યા હતા.

ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રી દ્વારા મુખ્ય પ્રવેશદ્વારનું ભવ્ય ઉદ્‌ઘાટન થયું. યજમાનોએ પૂજામાં હર્ષભેર ભાગ લીધો હતો. નેવાર્કના મેયરશ્રી એલીન નેગી પણ સાંજની સભામાં પ.પૂ. મહારાજશ્રીના દર્શને પધાર્યા ત્યારે સુંદર સ્વાગત કરવામાં આવ્યું હતું.

રવિવારે સવારે સાન ફ્રાન્સિસ્કોમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વિધિવત રીતે ષોડશોપચાર પૂર્વક સંપન્ન થઈ. આવા અદ્‌ભુત દર્શન અમેરિકામાં વસતા દરેક ગુજરાતી પરિવાર અને ધાર્મિક લોકોએ કરીને ધન્ય બન્યા. ત્યારબાદ કથા અને યજ્ઞની પૂર્ણાહુતિ થઈ. પ્રાસંગિક સભામાં યજમાનશ્રીઓનું સન્માન અને ત્યારબાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે શ્રી સૌમ્યકુમાર અને શ્રી સુવ્રતકુમારે (પૂ. બિન્દુરાજાના પુત્ર) ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હતી. હજારો હરિભક્તોએ આવા અલૌકિક દેવ દર્શન અને ધર્મકુળ દર્શન આશીર્વાદ અને સંતોના દર્શન કરી જીવનને ધન્ય ભાગી માનતા હતા.

# શું મહારાજને ખરેખર રાજી કરવા છે ?

- જયંતીલાલ કે. સોની (મેમનગર)

અગાઉના લેખમાં નિષ્કામ ધર્મની જાણ કરી છે જે "નિષ્કામ વર્તમાનરૂપી ધર્મ રાખે તો બધા ધર્મ રહે, અને બધા ધર્મ રાખે પણ નિષ્કામધર્મ લોપે તો બધા ધર્મ જતા રહે છે.'' આના અનુસંધાનમાં એક અંગ્રેજ કહેવત છે.

**"Welth is lost Nothing is lost**
**Health is lost Samething is lost while**
**Character is lost every thing is lost."**

સંપત્તિ ગુમાવી તો કશું ગુમાવ્યું નથી. સ્વાસ્થ ગુમાવ્યું તો કાંઈક ગુમાવ્યું કહેવાય, જ્યારે ચારિત્ર ગુમાવ્યું તો સર્વસ્વ ગુમાવ્યું કહેવાય.

''હરિચરિત્રામૃત સાગર''માં સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી ભાર મુકીને જણાવે છે કે ''સત્સંગમાં કામ બુદ્ધિનો ક્યારેય ભાવ થવો ન જોઈએ, નહિતો આ જીવને બ્રહ્માંડમાં ભટકવું પડશે. ભગવાન અને ભગવાનના ભક્તોમાં દિવ્ય બુદ્ધિ રહે તો કામમાં સુખને ઉલટી અને મળ સમાન દેખાય છે. શ્રીહરિએ આ સત્સંગમાં એવો પ્રબંધ કર્યો છે કે સ્વપ્નમાં પણ જો પરપુરુષ કે પરસ્ત્રીનો સંગ થાય તો ઉપવાસ કરવો અને બીજી રીતે સંબંધ થાય તો ચાર ઘડી ભગવાનની મૂર્તિના ધ્યાન સાથે ઉંચા સાદે ભજન કરવું. જગતમાં લોકો સ્ત્રી અને ધન માટે નાક-કાન કપાવે છે. અને બ્રહ્મવેત્તા પુરુષ કે બ્રહ્મવેત્તા સ્ત્રી જો એક બીજાના સહવાસમાં રહેવા લાગે તો તેમનો પણ ધર્મ ન સચવાય. પૂર્વના ઈતિહાસમાં જોઈ તો ખ્યાલ આવે કે હજારો વર્ષ તપ કર્યા પછી પણ કામ વાસનાને લીધે મોટા મોટા દેવો અને ઋષિઓની લાજ ગઈ છે. માટે જ શ્રીહરિના નિયમમાં વર્તે ત્યાં સુધી ત્યાગી-ગૃહિ બાઈ-ભાઈનો ધર્મ સચવાય. લોયાના ૧ લાં વચનામૃતમાં નાના નિર્માનાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે જે ''કામને મૂળમાંથી ઉખેડી નાખવો તેનું શું સાધન છે.'' આના ઉત્તરમાં શ્રીજીમહારાજ બોલ્યા જે એક તો આત્મનિષ્ઠા દ્રઢ હોય અને અષ્ટપ્રકારે બ્રહ્મચર્ય વ્રત રાખવું એ આદિક જે પંચવર્તમાન તેને દ્રઢ કરીને પાળે અને ભગવાનનો મહિમા અતિશે સમજે એ ઉપાયે કરીને કામનું મૂળ ઉખડી જાય છે. તો પણ બ્રહ્મચર્યાદિક નિયમમાંથી કોઈ દિવસ ડગવું નહિ. અને અતિશે કામનું મૂળ ઉખડ્યાનો તો ઉપાય એ છે જે ભગવાનનો મહિમા સારી પેઠે સમજવો.

આજ વચનામૃતમાં સ.ગુ. નિત્યાનંદ સ્વામીએ પણ આવો જ પ્રશ્ન પૂછ્યો છે કે ''કામાદિક શત્રુ ટાળ્યાનો શો ઉપાય છે. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે એ કામાદિક શત્રુ તો ટળે જો એના ઉપર નિર્દય થકો દંડ દેવાને તત્પર રહે, જેમ ધર્મરાજા છે તે પાપી ને મારવાને અર્થે લઈ રાત-દિવસ તૈયાર રહે છે. તેમ ઈન્દ્રિઓ કુમાર્ગે ચાલે તો ઈન્દ્રિઓને દંડ દે અને અંતકરણ કુમાર્ગે ચાલે તો અંતકરણને દંડ દે. તેમાં ઈન્દ્રિઓને કૃછચાંદ્રાયણે કરીને દંડ દે અને અંતઃકરણને વિચારે કરીને દંડ દે તો એ કામાદિક શત્રુનો નાશ થઈ જાય. શ્રીહરિની અતિ કરુણાને પ્રતાપે ફક્ત આપણા સંપ્રદાયમાં જ આશ્રિત ભક્તોને કામ વાસનાથી બચાવવા પ્રભુના દર્શનનો પ્રબંધ પણ સ્ત્રી પુરુષો માટે અલગ-અલગ કરેલ છે. મંદિરમાં સ્ત્રી-પુરુષોને સ્પર્શા-સ્પર્શીનો સખત નિષેધ છે જેની આજ્ઞા શ્રીહરિએ શિક્ષાપત્રીમાં લેખિત કરેલ છે. આ ઉપરથી સમજી શકાય છે કે શ્રીજી મહારાજને પોતાના ભક્તોનું આત્યંતિક કલ્યાણ કરવાની કેટલી ખેવના છે. શું આપણું વર્તન મહારાજની ઉપરોક્ત આજ્ઞા મુજબનું છે ? જો ન હોય તો આપણી ભૂલોને આજથી જ સુધારી લેવી અને સતત્ મગજમાં ખ્યાલ રાખવો કે મોટા બ્રહ્મવેતા સ્ત્રી-પુરુષો પણ જો આ આજ્ઞાનો લોપ કરે તો તેમનો પણ ધર્મ રહે નહિ. તો આપણું તો શું થાય ? માટે શ્રીજી મહારાજને રાજી કરવા મન મક્કમ કરી દરેક આજ્ઞાને ક્રિયામાં મુકવાથી સ્હેજે સ્હેજે આજ્ઞા પળી જશે. પાળવાનો ભાર નહિ રહે. યાદ આવે છે, મોટા સંતો કહેતા જ્યારથી શ્રીજીમહારાજે અમદાવાદમાં સ્વહસ્તે શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી ત્યારથી આ દેવસ્થાનમાં કલ્યાણનો ખજાનો ખુલ્લો મુકી દીધો છે. જેને જેટલી તાકાત હોય તેટલો લૂંટી લેવો નહિ તો પસ્તાવો થશે. આ વાતને વિમુખ શું જાણે.

# જેમ છે તેમ વાત

- અતુલ પોથીવાલા (અમદાવાદ)

જ્ઞાન વાર્તાઓથી સભર શ્રીહરિનાં વચનામૃત એવાં છે કે પ્રત્યેક વચનામૃતનું શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરીએ તો શ્રીહરિની અલૌકિક છબીનો સાક્ષાત્કાર અંતરમાં અવશ્યપણે થાય છે.

જેમ કે સંવત ૧૮૮૨ ના ચૈત્ર સુદ સાતમની રાત્રિના દોઢ પહોર વીતી ગયાં. પછીની જયતલપુરની સભામાં શ્રીહરિ કહે છે : ‘‘સર્વે સાંભળો આજ તો અમારે જેમ છે તેમ વાત કરવી છે.’’ શ્રીજી મહારાજ કહે છે કે અમે જેમ ધારીએ તેમ થાય છે. કેમ કે અમે તો ભગવાન જે નરનારાયણ ઋષિ તે છીએ અને મહાપાપવાળો જીવ હશે ને અમારે શરણે આવશે ને ધર્મ નિયમમાં રહેશે તેને અમે અંતકાળે દર્શન દઈને ભગવાનનું જે અક્ષરધામ તેને પમાડીએ છીએ.

‘‘અક્ષરધામના પતિ શ્રી પુરુષોત્તમ નારાયણ તે પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિ અર્થાત્ ભક્તિદેવી ને વિષે શ્રી નરનારાયણદેવ ઋષિરૂપે પ્રગટ થયેલાં તે બદરીકાશ્રમને વિષે અવિરત તપ કરે છે... તે જ નરનારાયણ ઋષિ આ કળિયુગને વિષે શ્રી ધર્મદેવ થકી ભક્તિને વિષે નારાયણમુનિરૂપે પ્રગટ થઈને આ સભાને વિષે બિરાજે છે. એટલે કે શ્રી કૃષ્ણ પુરુષોત્તમ ભગવાન જે અક્ષરધામના ધામી છે તે જ આ શ્રી નરનારાયણદેવ છે અને તે જ આ સભામાં નિત્ય બિરાજે છે. અક્ષરધામનાં અધિપતિ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન જ શ્રી નરનારાયણદેવ સ્વરૂપે અખંડ બિરાજે છે.

વળી શ્રીહરિ કહે છે કે શ્રી નરનારાયણદેવ ને અમે અમારું રૂપ જાણીને લાખો રૂપિયાનું ખરચ કરીને શિખરબધ્ધ મંદિર શ્રી અમદાવાદમાં કરાવીને શ્રીનરનારાયણની મૂર્તિઓ પધરાવી છે.

શ્રી નરનારાયણદેવ તો અનંત બ્રહ્માંડના રાજા છે. અને તેમાં પણ આ જે ભરતખંડ તેના તો વિશેષ રાજા છે. અને પ્રત્યક્ષ શ્રી નરનારાયણદેવ તેને મૂકીને આ ભરતખંડમાં મનુષ્ય બીજા દેવને ભજે છે તે તો જેમ વ્યભિચારિણી સ્ત્રીયું હોય તે પોતાના ધણીને મેલીને બીજા જારને ભજે તેમ છે....’’

‘‘તે માટે તમે જો અમારું વચન માનશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં તમને સર્વેને તેડી જાશું અને તમે પણ એમ જાણજો જે, અમારું કલ્યાણ થઈ ચૂક્યું છે અને વળી અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો. તો તમને મહાકષ્ટ કોઈક આવી પડશે અથવા સાત દકાલી જેવું પડશે તો તે થકી તમારી રક્ષા કરીશું. (પરંતુ ક્યારે) જો અમારા સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો ને સત્સંગ રાખશો તો અને નહિ રાખો તો મહાદુ:ખ પામશો, તેમાં અમારે લેણાંદેણાં નથી.’’

શ્રીહરિએ સ્પષ્ટ વાત - જેમ છે તેમ - સમજાવી છે. અમે છીએ તે જ આ શ્રી નરનારાયણ છે. અમારી આજ્ઞા પ્રમાણે વર્તશો અને અમારો દૃઢ આશરો રાખશો તો તમારી સર્વ પ્રકારે રક્ષા કરીને અક્ષરધામ પમાડીશું.

આમેય - જેમ છે તેમ જ રાખીને - એમાં રહેવું એ જ સાચી મજા છે. પછી સત્સંગ હોય કે સ્નેહ હોય. સત્સંગ જેમ છે તેમ સમજીને એમાં રહીશું તો આઠો પહોર આનંદને આનંદ જ છે. સ્નેહનું પણ એવું જ છે. એ પણ જેમ છે તેમ રહેવા દેવો - વારંવાર સ્થાપન ઉથ્થાપન કરવું નહી. તો જ સ્નેહ ટકે છે.

સત્સંગીને જે સુખ દુ:ખ થાય છે, રોગાદિક પ્રાપ્ત થાય છે કે ધન સમૃદ્ધિની હાનિ થાય છે કે મહેનત કરીને મરી જાય છે તો પણ દરિદ્ર જેવો રહે છે. તો એનું તો એમ છે જે એને જેમ છે તે વાત સમજાણી નથી.

શ્રી સ્વામિનારાયણનું ભગવાનપણું જેમ છે તેમ સમજીને એમનો અતિ દૃઢ આશરો રાખીએ અને એમની આજ્ઞા પ્રમાણે ત્યાગીગૃહી ના ધર્મ રાખીને વર્તીએ તો પછી ક્યાંય કસર રહેતી નથી. જે કાંઈ કસર છે તે જેમ છે તેમ વાત સમજાઈ નથી તેમાં છે. એને પુરેપુરી યથાર્થપણે સમજીને સવિશેષ સર્વોપરિ રાજા એવા શ્રી નરનારાયણ (શ્રીહરિ પોતે જ) ના શરણમાં રહીને બસ એમને ભજવા એથી બીજી વાત મોટી નથી. કાં જે ભગવાનનું કર્યું જ સર્વે થાય છે અને આપણે એ ભગવાનનાં જ છીએ અને એ જ ભગવાન (બીજા કોઈ સેવક એવા દેવ નહિ) આપણાં છે !

# સોનેરી ઘડી સહજાનંદની

- નટુભાઈ પટેલ (રાજપુરાવાળા - કેનેડા)

પાછલી પરોઢનું પ્રભાત શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક વિધિ પુરો થયા ને ગણત્રીનો સમય ગયો હશે. ત્યાં તો શંખનાદ થયો, ઘંટ-નગારા રણક્યા ! ઝાલર વાગી ! શ્રીઘનશ્યામ મહારાજનો મીઠા મંદ સ્વરે જયનાદ થયો. સોનેરી અને બરગંડી રંગનો અતિ આકર્ષક મખમલી નિજ મંદિરનો પડદો ખૂલ્યો. પાવનકારી પ્રભાત ! આનંદભર્યો માહોલ ! હજારો હરિભક્તોની ભીડ અને ભવ્યાતિત દર્શન !

નવરંગી પાઘ, સોનેરી છોગલું, નીલરંગી ડગલો, શ્વેત ખેસ, જરકસી જામો, કાનમાં કુંડલ, કેડે કંદોરો, કંઠમાં રત્નજડિત માળાઓ, જમણા કરને વિષે ગુલાબનું પુષ્પ, ડાબા કરને વિષે સુંદર ઘડિયાળ અતિ પાવનકારી શણગાર દર્શન !

દર્શન કરતાં સહજ ભાવે સ્વામીજીને કહ્યું સ્વામીજી ! શણગાર તો અદ્વિતીય મહારાજને સજાવ્યા છે અને વળી કાંડા ઉપર ઘડિયાળ પણ ખૂબ શોભે છે. ત્યાં તો સ્વામીજી પ્રસન્ન ચહેરે બોલ્યા, આજે વહેલી સવારે એક યુવાન હરિભક્ત ઓસ્ટ્રેલીયાથી દર્શનાર્થે આવ્યા. સાથે પોતાના વપરાશ માટે ખરીદેલું રૂપિયા દોઢેક લાખનું આ રાડો ઘડિયાળ પ્રસાદીનું કરવા લઈ આવ્યા. મંદિરની પરસારમાં જાણ્યું કે આજે તો આ નારણપુરા મંદિરના શ્રી ઘનશ્યામ મહારાજનો અઢારમો પાટોત્સવ છે. એટલે કે જન્મદિવસ છે. એ જાણી એ હરિભક્ત આનંદવિભોર બની ગયા. અને કહ્યું સ્વામીજી આ ઘડિયાળ હવે મને પરત ના કરશો. શ્રી ઘનશ્યામ મહારાજને જન્મ દિને આ મારા તરફથી ભેટ ! જેમ સ્નેહીઓને જન્મ દિને ભેટ આપીએ છીએ તેમ ઘનશ્યામ મહારાજ તો મારા સૌથી નજીકના સ્નેહી છે. એમને દર્શન પેટે મારે કંઈક આપવું પડે. સ્વામીએ કહ્યું ભાઈ ! આ તો તમે તમારા પર્સનલ વપરાશ માટે ખરીદેલું. તમે તો પ્રસાદીનું કરી વાપરનારા હતા. અને આટલું મોટું દાન તે વળી હોતુ હશે ? ત્યારે એ હરિભક્ત બોલ્યા. સ્વામીજી, આ મહારાજ થકી જ છે. એમણે મને અપાવ્યું અને મેં એમને પાછું આપ્યું. એમાં મેં કંઈ મારા ખિસ્સામાંથી આપ્યું નથી. ખુશી એ વાતની છે કે મને આ અવસર પ્રાપ્ત થયો. અહીં ઘણા બળીયા હરિભક્તો છે. પણ મને આ સેવાનો લાભ મળ્યો એટલે હું મહારાજનો ઋણી છું. ''ઘડી સુજાડી ઘડીયાળે કે ઘનશ્યામ સંગ પ્રીત લગાડી.''

ત્યાં જ વાત અધુરી રહી ! અન્નકૂટ ભરાયો. સભા શરૂ થઈ. પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી પધાર્યા ! સંતો સંગ સત્સંગની વાતો થઈ. અને મોટા મહારાજશ્રીના આશીર્વચનની લ્હાણી શરૂ થઈ. પૂજ્ય મોટા મહારાજશ્રીની જ્ઞાન તેમજ પથદર્શક કૃપાવાણીનો પ્રવાહ વહેવા લાગ્યો. પ.પૂ. મોટા મહારાજશ્રીએ કહ્યું કે શ્રીજી મહારાજને વિષે નિષ્ઠા અને સેવાનું અંગ મજબૂત રાખવું એ પણ ભગવાન રાજી કરવાની રીત છે. તેમણે કહ્યું કે ઘણા વર્ષો પૂર્વે અમે લંડન મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ગયેલા. એક હરિભક્તે અમોને રાડો ઘડિયાળ ભેટ ધર્યું. ભેટમાં ધરેલ આ ઘડિયાળ અમે મંદિરને પરત કરવા માગતા હતા. મંદિરને આર્થિક રીતે મદદ થાય તે હેતુથી આ ઘડિયાળ સત્સંગ સભામાં બતાવીને જાહેર કર્યું કે જે હરિભક્ત આ ઘડિયાળના વધારે પાઉન્ડ આપશે તેને અમારા દ્વારા આપીશું. જોત જોતામાં ૬૦ પાઉન્ડના ઘડિયાળના ૬૦૦૦ પાઉન્ડ આપીને એક હરિભક્ત આ પ્રસાદીરૂપે સેવા લઈ મહારાજની પ્રસન્નતા મેળવી. અમોએ શ્રીજી મહારાજ વતી પહેરાવ્યું. વાત અહીં અટકતી નથી. અમોએ એ ભાઈને પૂછ્યું કે ૬૦ પાઉન્ડમાં બજારમાંથી મળતું આ ઘડિયાળ તમને ૬૦૦૦ પાઉન્ડમાં લેવાનો વિચાર કેમ આવ્યો ? ત્યારે હરિભક્ત બોલ્યા, મહારાજશ્રી ! આ તો પ્રસાદી છે. હું તો નિમિત્ત રૂપ છું. આ ૬૦૦૦ પાઉન્ડ તો મહારાજે આપેલા છે. યુગાન્ડા થી ખાલી હાથે આવેલા. રંગીન બટન (કટલરી આઈટમ) ઘેર બનાવી વેચતા. બટનોને રંગ કરવા જર્મનીથી મશીન જે ૨૦૦૦૦ પાઉન્ડમાં મળતું તે લાવવા વિચારતા હતા. સગવડ હતી નહી. મહારાજની દયા અને કૃપાને લઈ વિચાર આવ્યો. જૂનું લોન્ડ્રી મશીન ખરીદીને સુધારા વધારા કરી અમે બનાવ્યું. સફળ થયા. ૨૦૦૦૦ પાઉન્ડ બચાવ્યા. જે બચ્યા એમાંથી આ સેવા લેવાનો વિચાર આવ્યો. બટન રંગતા રંગતા શ્રીજી મહારાજના રંગમાં રંગાઈ ગયા. ભાગ્યશાળી હું કે મને આ સેવાનો લાભ મળ્યો.

પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આ શબ્દો નારણપુરા (શ્રી નરનારાયણદેવ ગાદી) અમદાવાદના સ્વામિનારાયણ મંદિર, સભામાં તાળીઓથી ગાજી ઉઠ્યા.

પ.પૂ. મોટા મહારાજશ્રીની વાણી પુરી થઈ ત્યાં જ અન્નકૂટ દર્શન ખૂલ્યા. આરતી થઈ અને પાટોત્સવનું સુખ વાગોળતા વાગોળતા પ્રસાદ લઈ હરિભક્તો વિખરાયા. પણ.... સેવાના પ્રતીકરૂપ ઘડિયાળના પ્રસંગો જીવંત રહી ગયા.

ભક્તિ કરવાની ઘડી, ભૂલાવે એ ઘડિયાળ નહીં.<br>
સત્કર્મ કરવાની ઘડી ના ભૂલાવે એ ઘડિયાળ સહી.

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....





ભગવાન શ્રી સ્વામિનારાયણ સમગ્ર ગુજરાતમાં મુમુક્ષુઓના કલ્યાણ અર્થે વિચરણ કરતાં ત્યાં તેમને સૌ હરિભક્તો અનેક ભેટ સોગાત અર્પણ કરતાં. કેટલાક ધનિક હરિભક્તો સોનાના દાગીના પણ ભેટ ધરતા તે બધા દાગીના શ્રીજી મહારાજ બ્રાહ્મણોને દાન કરી દેતા જેથી ખૂબ જ ઓછા દાગીના આચાર્ય પરંપરામાં છે જેમાંના આ બાજુબંધની તસવીર છે. જે મ્યુઝિયમના હોલ નંબર ૧ માં રાખવામાં આવેલ છે.


પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

## દ્વિતીય સ્થાપના દિન

ફાગણ સુદ ત્રીજ તા. ૧૪-૩-૨૦૧૩ ને ગુરુવાર
મહાપૂજા મહાભિષેક મુખ્ય હોલમાં રાખવામાં આવેલ છે.
સહ યજમાનના રૂા. ૧૧૦૦૦/- તથા રૂા. ૫૦૦૦/-
મહાપૂજા મહાભિષેકના યજમાન માટે સંપર્ક
ફોન નં. : ૦૭૯-૨૭૪૮૯૫૯૭
મો. : ૯૯૨૫૦૪૨૬૮૬ (દાસભાઈ)

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
ટોરેન્ટ પાવર પાછળ, નારણપુરા, અમદાવાદ




## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જાન્યુઆરી-૨૦૧૩

રૂા. ૨૧,૧૧૧/- ધનરાજ ડેવલોપર્સ - ગાંધીનગર
હ. શા. હરિકેશવદાસજી સ્વામી
રૂા. ૨૧,૦૦૦/- પટેલ કરશનભાઇ માધાભાઇ
હ. શાંતાબેન - બિલિયા
રૂા. ૧૫૦૦૦/- ધર્મકુળ આશ્રિત એક હરિભક્ત, અમદાવાદ.
રૂા. ૧૧૧૧૫/- ઝાલા ભરતસિંહ બાલુભા સમલા (મૂળી દેશ)
રૂા. ૧૧૦૦૦/- બળોલ (ભાલ) ગામના હરિભક્તો તરફથી ગંગાપૂજન નિમિત્તે. હ. અશોકભાઇ પરમાર
રૂા. ૧૧૦૦૦/- મનીષભાઇ નટવરભાઇ પટેલ
હ. કલાબેન - દેલવાડા
રૂા. ૧૧૦૦૦/- ધીરજભાઇ કે. પટેલ - અમદાવાદ
રૂા. ૧૧૦૦૦/- માણેકલાલ એન. પટેલ -
રાજપુર વાળા (હા.યુ.એસ.એ.)
હ. મધુબેન માણેકલાલ પટેલ
રૂા. ૫૦૦૧/- ડૉ. કાંતિભાઈ એન. પટેલ મુંબઈ
રૂા. ૫૦૦૧/- જેઠાભાઈ લાલદાસ ડાંગરવા
હ. પ્રવિણભાઇ, ભરતભાઇ.
રૂા. ૫૦૦૦/- પરસોતમભાઇ હરજીભાઇ, નડીયાદ
રૂા. ૫૦૦૦/- નરસી કુવરજી મારવી, (જીરાગઢ-સુરત)
રૂા. ૫૦૦૦/- પટેલ વિષ્ણુભાઇ એચ. કલોલ.
રૂા. ૫૦૦૦/- કલ્યાણભાઇ નારાયણભાઇ પટેલ - કડી
રૂા. ૫૦૦૦/- ડો. રમેશભાઇ ચુનીલાલ ગુસાણી
- નારણપુરા હ. સરોજબેન
રૂા. ૫૦૦૦/- પટેલ વર્ષાબેન ગોવિંદભાઇ સડાસણા
રૂા. ૫૦૦૦/- મીનાબેન સુરેશભાઇ ઝવેરી - મુંબઇ
રૂા. ૫૦૦૦/- દિનેશભાઇ કે. ભગત હ. અમીષભાઇ, અમદાવાદ
રૂા. ૫૦૦૦/- કેશવલાલ શંકરદાસ પટેલ - લાંઘણોજ
હ. તન્સુખભાઇ - માનતા નિમિત્તે
રૂા. ૫૦૦૦/- રમેશભાઇ તુલસીભાઇ ચોટલીયા
- ધુળકોટ - હા.સુરત

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - જાન્યુઆરી-૨૦૧૩

તા.૧-૧. બાબુલાલ ત્રિકમલાલ ઠક્કર-વિરમગામ
તા.૧૦-૧. રાજુભાઇ કાન્તિભાઇ પટેલ-ડાંગરવાવાળા
અને ઘનશ્યામ કનુભાઇ પટેલ
(હાલ અમેરિકા) હ. પી.પી. સ્વામી (નાના)
તા. ૧૩-૧. શ્રીસ્વામિનારાયણ મંદિર મહિલા મંડળ
હ. શા.સ્વામી વિશ્વસ્વરૂપદાસજી -કપડવંજ
તા. ૨૦-૧. મનોજકુમાર અમૃતલાલ મિસ્ત્રી
(હાલ લંડન)-નવાવાડજ
તા. ૨૩-૧. ઈન્દ્રવદન રાવજીભાઇ પટેલ-નારણપુરા
તા. ૨૪-૧. શ્રીજી એન્ટરપ્રાઇઝ-નૈરોબી
હ. હરેશભાઇ વ્રજલાલભાઇ સોની
વિનોદભાઇ વાલજીભાઇ
મધુસુદન જયંતિભાઇ
નરેશકુમાર જયંતિભાઇ

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઇ - દાસભાઇ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com

### નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

જેતલપુર : www.jetalpurdarshan.com
છપૈયા : www.chhapaiya.com
નારણઘાટ : www.narayanghat.com
પ્રયાગ : www.prayagmilan.org
મહેસાણા : www.mahesanadarshan.org
ટોરડા : www.gopallalji.com
વડનગર : www.vadnagar.com
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**shreeswaminarayan9@gmail.com**





# આનંદની હેલી

## સાધુ જમાડ્યા સગાંની જેમ

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

ભક્તિ અને સમર્પણ જોવું હોય તો દાદા ખાચરનું. એટલે જ ભગવાન શ્રીહરિ તેમને વશ થઈ ગયેલા. દાદાના દરબારમાં જબરી જ્ઞાનની વાતો થતી. અને જમવાની પણ એવી જ રેલમછેલ થતી. દાદાએ તો ભગવાન માટે પોતાના પટારા ખુલ્લાં મુકી દીધેલા. તમે તમારે જોઈએ તેટલું વાપરો.

એકવાર ઢોલિયા ઉપર બિરાજેલા પ્રભુએ ભક્તોને પૂછ્યું : તમારે ઘેર મનગમતા સગાં આવે તો તમે કેવી રીતે સરભરા કરો ? ભક્તજનો કહે મહારાજ ! વહાલા સગાસંબંધી આવે તો તેમને વિવિધ પકવાન બનાવીને જમાડીએ. આગ્રહ કરી કરીને દહીં દૂધ પિરસીએ. અને વહાલા સગાં હોય તેને જમીન ઉપર નહિ બેસાડવાના. એમને તો ખાટલા કે ઢોલિયા ઉપર બેસાડીને જમાડીએ.

મહારાજે કહે, આ અમારા સાધુને સગાની જેમ ભાવથી જમાડો. જેવું હેત સગાં ઉપર છે તેવું સાધુ ઉપર રાખવું. સગાંની જેમ સંતોને જમાડવાની વાત સૌ સત્સંગીઓએ સહર્ષ સ્વીકારી. બિરંજ, હરિસો તથા બહુ પ્રકારના શાક પાક અને ફરસાણ બનાવ્યા. સૌ પ્રથમ મહારાજ સ્નાન કરીને તૈયાર થયા અને મુકુંદ બ્રહ્મચારીએ પ્રભુને જમાડીને તૃપ્ત કર્યા. પછી એક એક ઢોલિયે ચાર ચાર સાધુને બેસાર્યા અને મહારાજ બંને હાથમાં છ છ લાડુ લઈને સંતોને પિરસવા લાગ્યા. બિરંજ, હરિસો, ભજીયાં, પાપડ, શાક-પાક વગેરે ખૂબ પીરસ્યું.

એ વખતે ત્યાં કાળો સાપ નીકળ્યો. પ્રભુ કહે કોઈ સંતે ઢોલિયાથી પગ નીચે ન મૂકવો. નિશ્ચિત થઈને આનંદથી જમો. જમતા જમતાં જો કોઈ સાધુ આડો હાથ કરે તો મહારાજ તેની થાળી આખી ભરી દે. ના, તો કહેવાય જ નહિ. લ્યો સંતો પ્રેમથી જમો. એમ કહેતા જાય ને જમાડતા જાય. જોઈ કોઈ લાડુ લેવાની ના પાડે તો તે સાધુ ને લાડુથી જ મારે. નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે-

'ન જમે તો લાડવેથી મારે રે....' જમતાં જમતાં લાડવા ઉછળે અને બ્રહ્માનંદ સ્વામી હાસ્યવિનોદની વાતો કરે તે સાંભળીને પ્રભુ ખૂબ ખુશ થાય. મહારાજ કહેતા કે, 'પીરસનારા પ્રભુ આજ મોટા, સંતો જમો કરી દેહ ખોટા.' છેલ્લે રિવાજ પ્રમાણે દહીં દૂધના દેગડાં આવ્યાં. મહારાજે સંતોની થાળીમાં દહીં દૂધની રેલમ છેલ કરી. અને ઉપરથી સાકર પીરસી. જો કોઈ સાધુ થાળી ઉપાડી લે તો તેના માથે ઉપર દહીં-દૂધ રેડે, દહીં-દૂધનો સુંદર અભિષેક જોઈ લો. સંતો-ભક્તોને એટલું બધું સુખ આપ્યું કે જેનું વર્ણન ન થાય. જમ્યા પછી સંતોએ પૂછ્યું મહારાજ ! પેલો માણસની જેમ જોઈ રહેલો સાપ કોણ હતો ?'' એ તો શેષનાગ દર્શન કરવા આવ્યા હતા.'' મહારાજે કહ્યું.

### આપણા આગામી ઉત્સવ

**મહા સુદ-૧૨** શુક્રવાર તા. ૨૨-૨-૧૩ **ધરિયાવદ (રાજ.)** શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

**મહા સુદ-૧૪** રવિવાર તા. ૨૪-૨-૧૩ **વાસણા-અમદાવાદ** શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

**મહા વદ-૨** બુધવાર તા. ૨૭-૨-૧૩ **મહેસાણા** શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

**મહા વદ-૩** ગુરુવાર તા. ૨૮-૨-૧૩ **લીંબડી** શ્રીસ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

**મહા વદ-૫** શનિવાર તા. ૨-૩-૧૩ **નારાયણઘાટ** શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

**મહા વદ-૬** રવિવાર તા. ૩-૩-૧૩ **મોરબી** શ્રીસ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

**ફાગણ સુદ-૨** બુધવાર તા. ૧૩-૩-૧૩ **ચરાડવા, માંડવી (કચ્છ) અને ભુજ શ્રી હરિકૃષ્ણ મહારાજનો** પાટોત્સવ.

**ફાગણ સુદ-૩** ગુરુવાર તા. ૧૪-૩-૧૩ **શ્રીસ્વામિનારાયણ મંદિર અમદાવાદ પરમકૃપાળુ શ્રીનરનારાયણદેવનો પાટોત્સવ, શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ સ્થાપના દિન.**

**ફાગણ સુદ-૪** શુક્રવાર તા. ૧૫-૩-૧૩ **સાપાવાડા** શ્રીસ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

**ફાગણ સુદ-૫** શનિવાર તા. ૧૬-૩-૧૩ **કાંકરિયા (રામબાગ)** શ્રીસ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

**ફાગણ સુદ-૭** મંગળવાર તા. ૧૯-૩-૧૩ **ખાણ (રાજસ્થાન)** શ્રીસ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

**ફાગણ સુદ-૮** બુધવાર તા. ૨૦-૩-૧૩ **એપ્રોચ-બાપૂનગર** શ્રીસ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી
(ગાંધીનગર)

## સત્સંગથી સંપ જળવાય છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ધન્ય ધન્ય મળ્યો મનુષ્યનો અવતાર... આપણા ઉપર ભગવાનની કૃપા છે. તેથી જ તો મનુષ્યનો અવતાર મળ્યો છે ! મનુષ્ય સિવાયની અન્ય જીવ સૃષ્ટિમાં પણ બધું જ છે. આહાર-નિદ્રા-ભય વગેરે પણ તેમાં મનુષ્ય જેવી બુદ્ધિ નથી, તેથી પશુ ગણાય છે. મનુષ્યમાં પણ બુદ્ધિ વગરના વ્યક્તિને પશુની ઉપમા અપાય છે. માટે મનુષ્ય દેહ મળ્યો છે તો ધર્મના નામે ઝગડાઓનો ત્યાગ કરી ભજન-ભક્તિ કરીને જિંદગીને ધન્ય બનાવીએ. એ સમજવા માટે વાંચીએ અને વિચારીએ આ વાતને......

પ્રકૃતિના ખોળામાં - ચારે બાજુ પર્વતો, ઝરણાં અને નદી વહેતી હતી એવા એક ગામમાં ઘણી જ જ્ઞાતિ જાતિના મનુષ્યો રહેતાં હતાં. મનુષ્ય વસે ત્યાં બધું જ હોય. બજાર, મંદિર, હરવા ફરવાના સ્થળ, હવેલી, ઘર અને ઝૂંપડી વગેરે... આવા ગામમાં ખૂબ જ સાધન સંપન્ન આઠ-દશ વ્યક્તિનું સુખી કુટુંબ રહેતું હતું. ખૂબજ સંસ્કારી અને આબરૂદાર ઘર હતું. ઘરના વડીલ રાધેશ્યામજી હતા અને તેમના ઘરવાળા મંગળાબા હતા. જ્યેષ્ઠ પુત્ર જ્યેષ્ઠજીત અને પુત્રવધુ કુમુદ હતા. બાકી બધા નાના હતાં. અને અભ્યાસ કરતાં હતાં.

શેઠ રાધેશ્યામજીની પેઢી હતી. અને ગામ અને પરગામ તેમનો માલ જતો - વેચાતો અને તેઓ પણ ગામ-પરગામથી વેચાતો માલ લાવી ગામમાં વેચતા. આબરૂદાર અને સંપન્ન કુટુંબ સુખ શાંતિથી જીવતું હતું. ગામ હોય એટલે બધા જ સંસ્કારી અને આબરૂદાર હોય જ એવું તો હોતું નથી. ઘણા ઈર્ષાળુ અને કજીયાખોર પણ હોય... શેઠ રાધેશ્યામજી ધાર્મિક વૃત્તિ અને ઉદારવૃત્તિના હતા તેથી ગરીબ વર્ગનો સહાય કરતા. જરૂરિયાતવાળાઓને આર્થિક સહાય પણ કરતા તેથી તેમની વાહવાહ થતી.

ગામના બીજા વેપારીઓને તેમની વાહવાહ ખમાતી નહી તેથી રાધેશ્યામજીના ઘરની શાંતિ હણાય અને વિખવાદ થાય તેવા ઉપાયો વિચારતા હતા. વિચારતાં વિચારતાં ગામમાં જ રહેતી એક સ્ત્રી - તે કાવા-દાવા, લડાવવા-ઝઘડાવવામાં નિપૂણ હતી. આગેવાન વેપારીએ તેને ધન આપવાની લાલચ આપી અને સાસુ-વહુ, પતિ-પત્નિ ઝઘડે તેવું કરવા કહ્યું. માયાવી પૈસાની લાલચે તેમ કરવા તૈયાર થઈ.

એક દિવસ રાધેશ્યામજીના ઘરની આજુબાજુ આંટો મારી બધી જ માહિતી અને ઘરના સભ્યોની પ્રવૃતિ જાણી લીધી. તેણે જોઈ લીધું કે શેઠનો પુત્ર જ્યેષ્ઠજીત શિવજીનો ઉપાસક છે અને તેની પત્ની કુમુદ શ્રીકૃષ્ણની ઉપાસક છે. લડાવી મારવામાં વાંધો નહી આવે. તેથી મયાવી શ્રીકૃષ્ણનાં મંદિરમાં અવાર-નવાર જઈ કુમુદની બહેનપણી બની ગઈ. અને ધીમે ધીમે કાનમાં ઝેર રેડવાં માંડ્યું. તુ કૃષ્ણભક્ત છે અને તારો પતિ જેને ઘર નથી - સ્મશાનમાં રહે છે - ભભૂત ચોળે છે એવા દેવને પૂજે છે. તમારે કેમ ચાલે છે ? ખબર જ નથી પડતી ! હું તો આમ ન ચલાવી લઉં. મારી સાથે જ મારા જ મંદિરમાં લાવીને રહું. દરરોજ ઝેર રેડવાથી કુમુદને અસર થઈ અને તેણીએ જ્યેષ્ઠજીત સાથે ધાર્મિક વાદ-વિવાદ તથા શિવજી વિષે અવ્યવહારૂ શબ્દપ્રયોગ કરતી રહી અને કોઈ દિવસ ગુસ્સે ન થનારો જ્યેષ્ઠજીત પત્ની સાથે ઝઘડી પડ્યો અને માયાવીએ પાથરેલી જાળ સફળ થઈ.

આમ અવાર-નવાર જ્યેષ્ઠજીત અને તેની પત્ની વચ્ચે ઝઘડા થવા લાગ્યા. એક દિવસ ઝઘડો પરાકાષ્ઠાએ ચાલતો હતો - તે ગામમાં છેલ્લાં થોડા દિવસોથી એક શાંતિનાથ નામે વિતરાગી મહાત્મા આવેલા. ગામના રામજી મંદિરમાં ઉતારો કરેલો. સવાર-સાંજ ટહેલ નાંખી આવે. સાંજે રામજી મંદિરે દર્શને આવનાર દર્શનાર્થીઓને કથા-વાર્તાના બે શબ્દો કહે. ગામવાળા જે કાંઈ ચરણે મૂકે તેનાથી ચલાવી લેતા. એવા આ શાંતિનાથજીનું બરાબર રાધેશ્યામજીના ઘર આગળથી

નીકળવું અને જયેષ્ઠજીત અને તેની પત્ની વચ્ચેના ઝઘડાએ જોર પકડેલું. તેથી ઘર બહાર અવાજ સંભળાતો હતો. શાંતિનાથજી થોડીક વાર માટે થોભી ગયા અને તેમના શબ્દો સાંભળવા લાગ્યા. પહેલા પુરુષનો અવાજ સંભળાયો. બેસ બેસ હવે, બહુ થયું. તારા આ રોજના ઝઘડાથી હું હવે ત્રાસી ગયો છું. અને મેં નિર્ણય કરી લીધો છે. આ ઘર છોડીને કાશીમાં જઈને રહીશ. કાશી વિશ્વનાથની સેવા-ભક્તિ કરી શિવજીનો સાક્ષાત્કાર કરીશ. મારા ગયા પછી તને ખબર પડશે - કેમ જીવાય છે ? દુઃખી દુઃખી થઈ જઈશ.

ત્યાં સ્ત્રી બોલી - અહીંયા હું પણ ક્યાં ઘરમાં રહેવાની છું. મેં પણ નિર્ણય કરી લીધો છે હું પણ વૃન્દાવન જતી રહીશ. રાધા અને મીરાની જેમ ભક્તિ કરી શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર કરીશ. મારા ગયા પછી તમને પણ ખબર પડશે કે સ્ત્રી વગરની જીંદગી અને ઘર કેવું હોય છે. તમને સ્મશાન જેવું ન લાગે તો કહેજો. મારૂ નામ બદલી નાંખીશ.

મહાત્માજીએ આ સાંભળ્યું. તેમણે વિચાર્યું ઉપરથી ઝઘડે છે પણ અંદર આતમરામ જીવતા છે. ઝઘડે છે પણ વિચારો સાત્વિક અને ઉચ્ચ છે. જો હું થોડીક દરમિયાનગીરી કરું તો ઓછી મહેનતે અગ્નિ હોલવાઈ જાય તેમ છે. તેથી મહાત્માએ ટહેલ કરી બન્નેને દરવાજા પાસે બોલાવ્યા અને બંનેની વાત પોતે સાંભળી છે તેમ જણાવી બંનેના હિતની વાત કરવા માંડી.

સારૂં છે તમે બન્ને સંસ્કારી છો તેથી કાશી-વૃન્દાવનનું વિચાર્યું. તમારામાં રહેલી આ ધર્મભાવના સાંભળીને જ મને તમને બે શબ્દો કહેવાનું મન થયું. તમે બંને કાશી-વૃન્દાવનમાં જઈને જ જો શાંતિ મેળવવા ઈચ્છવાના હો.... તો પછી ઝઘડવાનું બંધ કરીને સંપ-સદ્ભાવથી જીવશો તો તમારા જ ઘરમાં કાશી-વૃન્દાવન છે. જો તમારામાં સંપ-સદ્ભાવ નહીં હોય અને તમે ત્યાં જશો તો તમારે ત્યાં પણ ઝઘડા થશે અને શાંતિના બદલે અશાંતિ થશે. ભગવાન એક છે. ભેદભાવ ભૂલીને ભક્તિ કરો.

આ વાત અને ઉપદેશની અસર બન્નેને થઈ. મતમતાંતરને બાજુએ ખસેડી - એકબીજાને પગે લાગી બન્નેએ એકબીજાની માફી માગી અને ઝઘડો કરાવનાર માયાવીના સંગનો ત્યાગ કરી મહાત્માના કહેવા પ્રમાણે સંપ-સદ્ભાવ રાખી આનંદથી જીવવા લાગ્યા.

મિત્રો ! બહુ સુંદર મજાની પ્રેરણાદાયી આ વાત છે. સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં પણ કહ્યું છે કે ''નારાયણ અને શિવજીનું એકાત્મપણું જાણવું.'' - ''પોતાના ઈષ્ટદેવમાં દૃઢ શ્રધ્ધા રાખવી છતાં આદર સહુનો, આશરો એકનો.'' ક્યારેય પણ દેવ-દેવી-દેવતાની નિંદા કરવી નહિ અને ઘરમાં સંપ, સદ્ભાવ રાખી હળી મળીને ભગવાનની ભક્તિ કરીએ તો આપણા ઘરમાં પ્રભુનો નિવાસ રહે. ધર્મ તો એવું રસાયણ છે કે ભલભલાની અંદરનીને બહારની આગ ઓલવી દે અને જો કુસંપ કલેશ કરાવવા ધર્મનો ઉપયોગ કરે તો તેને ધર્મ વિમુખ કહેવાય.

●

## બધાને રાજા થવું છે

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

કોઈ તપસ્વી તપ કરતો હતો. ઉંધે માથે તપ કરવું એ તો સહેલું પણ જમીન ઉપર સોપારી રાખે, તે સોપારી ઉપર માથું રાખીને શિર્ષાસન કરીને કઠોર તપ કરવા લાગ્યો. પછી તો આખા પ્રાંતમાં તેની આબરૂ ફેલાઈ ગઈ. શું તપસ્વી છે ! હજારો માણસો પગે લાગવા જાય. એ દેશના બધા પ્રશ્નો ઉકલી જાય તે માટે તપસ્વીઓના આશીર્વાદ બહુ કામ આપે છે. એટલે રાજા તે તપસ્વીને ત્યાં જઈને પગે લાગ્યો. સોપારી ઉપર ઉંધે માથે તપ કરતા તે તપસ્વીને જોઈને રાજાના મનમાં અરેરાટી થઈ ગઈ. વિનંતી કરી, આવી તીવ્ર તપશ્ચર્યા કરવાની તમને શી જરૂર છે ? તપસ્વીએ કહ્યું, હું તપ એટલા માટે કરું છું. ભગવાન રાજી થાય તો મને કોઈક દેશનો રાજા બનાવી દે તો બહુ સારું. ત્યારે રાજા બોલ્યા. હું રાજા છું. છતાં મુંઝાઉં છું. દુઃખી છું. ઉપાધિઓનો પાર નથી. અને આ તપસ્વી આવી ઉપાધિઓ લેવા માટે તપ કરે છે. જીવના કોઈ સંકલ્પો પૂર્ણ થતા નથી. તે કાયમ અધૂરા જ રહે છે. જ્યારે પરમાત્માના સર્વ સંકલ્પો પૂર્ણ હોય છે. શ્રુતિ પણ કહે છે કે, ''સત્યકામઃ સત્યસંલ્પઃ'' જીવાત્માને તો ગમે એટલી તકો મળે છતાં પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય એ ક્યારે પણ ભરાય નહીં. એમ જીવના સંકલ્પો ક્યારેય પૂરા થતા નથી. જીવનો સ્વભાવ છે પોતાની ઈચ્છાની પૂર્તિ માટે સતત પ્રયત્નો કરે છે. કાંઈને કાંઈ લેવા માટે જ મહેનત કરે છે. પાઠ, વ્રત, દાન, તપ જે કાંઈ કરશે એ ભગવાનની પ્રસન્નતા માટે નહીં પણ કાંઈક મેળવવા માટે જ કરશે. કારણ કે જીવ સદા અપૂર્ણ છે. પરમાત્મા સદા પૂર્ણકામ છે. તેમની કૃપાથી તેમના ભક્તો પણ પૂર્ણકામ બને છે. માટે શ્રીહરિનું પૂર્ણકામ એવું મંગલકારી નામ છે.

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"આપણે ભગવાનને માનીએ છીએ પરંતુ ભગવાનનું નથી માનતા"**

(સંકલન : કોટક વર્ષાબેન નટવરલાલ - ઘોડાસર)

આપણે ભગવાનના મંદિરમાં જઈએ છીએ તો ઉત્સવ-સમૈયા હોય કે આરતીનો સમય હોય ત્યારે લગભગ મંદિરમાં મોટા પ્રમાણમાં ભીડ ખૂબ હોય છે. એટલે જે લોકો મંદિરમાં આવે છે તે બધા ભગવાનને માને છે. માટે જ આવે છે. પરંતુ આ આવી ભીડની અંદર ભગવાનને પ્રેમ કરવાવાળા જે સાચા ભક્તો છે તેવા લોકોનું પ્રમાણ ખૂબ ઓછું હોય છે. કેમ કે ? જે લોકો પરમાત્માને સાચા દિલથી પ્રેમ કરતા હોય છે તેમને પરમાત્માના વચન પર શ્રધ્ધા અને વિશ્વાસ હોય છે. અને પરમાત્માની આજ્ઞાનું પાલન પણ કરતા હોય છે. પરંતુ આપણે પરમાત્માની આજ્ઞાનું પાલન કરતા નથી ને પછી ફરિયાદ કરીએ છીએ કે આપણે કાયમ દુઃખી કેમ છીએ ? આપણે આપણી શરત ઉપર ધર્મ પાળીએ છીએ. આપણી સગવડ પ્રમાણે ધર્મ રાખીએ છીએ. આપણે પરમાત્માના નિયમો પ્રમાણે નહિ આપણી સગવડ પ્રમાણે આપણો નિયમ બનાવી લીધો છે. આપણે આપણા નિયમ પ્રમાણે જીવન જીવીએ તેને સાચી શરણાગતિ ન કહેવાય. તો આપણે આપણા નિયમો પ્રમાણે નહિ પણ શ્રીહરિના નિયમો પ્રમાણે જીવન જીવવાનું છે. અને શ્રીહરિની આજ્ઞાઓ પાળવા પ્રત્યેનો ખટકો રાખવાનો છે. જો રાજા પરિક્ષિતનું સાત દિવસમાં કલ્યાણ થઈ જાય તો આપણું કલ્યાણ કેમ ન થઈ શકે ? માટે અંતરમાં જઈને તપાસ કરવી પડે કે ખામી ક્યાં છે ? ખામી આપણી અંદર જ છે. પરંતુ આપણે જગત પર આરોપ મુકીએ છીએ અને ભગવાન પર આરોપ મુકીએ છીએ કે ભગવાન દુઃખી કરે છે. પણ પરમાત્મા ક્યારેય પણ કોઈનામાં ભેદભાવ રાખતા નથી. અને આપણે સમજી લઈએ કે, જગત ખરાબ છે. આ બધો માયાનો ખેલ છે. તો જગત પણ સુંદર છે. એટલું બધું ખરાબ નથી. કેમ કે ? પરમાત્માને પ્રાપ્ત કરવા માટે આ જગતમાં જ મનુષ્યરૂપે આવવું પડે છે. તો આપણીજ ભૂલ જોવાની. આપણે જે હેરાન થઈએ છીએ તે આપણી અજ્ઞાનતાને લીધે થઈએ છીએ. તો કરવું શું ? દરેક વ્યક્તિએ પોતાનું નિયત કર્મ તો કરવું જ પડે છે. તો તેના માટે બે વિકલ્પ છે. એક તો પરિસ્થિતિને બદલી નાખીએ અને બીજો પરિસ્થિતિને શરણે થઈ જઈએ. તો આપણે જે પરિસ્થિતિમાં જીવીએ છીએ તેને બદલવા જઈએ તો તેવું ૯૦% નહિ થાય, અને આપણે ડબલ દુઃખી થઈ જશું. તો શરણે થઈ જવાનું, અર્થાત્ પરિસ્થિતિનો સ્વીકાર કરી લેવાનો. તો પરિસ્થિતિને સ્વીકારવા માટે શું કરવાનું ? તો માની લેવાનું કે મારા જીવનમાં જે કાંઈ સુખ છે તે નરનારાયણ દેવની કૃપાને લીધે છે. અને આપણે જે કાંઈ દુઃખી થીએ છીએ તે આપણા સ્વભાવને લીધે છે. બહારના શત્રુ હેરાન કરે તો શરીરને ઘાયલ કરે છે અને અંદરના શત્રુ હેરાન કરે તો આત્માને ઘાયલ કરે છે. તેના માટે અંતઃકરણને શુદ્ધ રાખવું. અંતઃકરણને શુદ્ધ રાખવા માટે શું કરવાનું ? તો જેમ સાગરને પાર કરવા માટે નાવ જરૂરી છે તેમ આ શરીર થકી જ ભવસાગર પાર કરી શકાય છે. જેમ નાવ ખરાબ હોય તો સાગર પાર ન થઈ શકે વચ્ચે ડૂબી જવાય. તેમ જો શરીર વિષય વાસનાથી ભરેલું હોય તો તેવા શરીરના માધ્યમથી ભવસગાર પાર કરી શકાતો નથી. તો તેના માટે શું કરવું જોઈએ ? તો જેમ નાવ છે તેમા કાણું પડ્યું હોય તો શું થાય ! પાણી અંદર આવવા લાગે. તેનાથી બચવા માટે પરમાત્માને પ્રાર્થના કરવી પડે છે. અને સાથે સાથે કર્મ પણ કરવું પડે છે. અંદર બેઠેલા મુસાફરો પાણી ઉલેચવા લાગે તો ડૂબી જવાતું નથી અને ધીમે ધીમે કિનારા સુધી પહોંચી જવાય છે. આમ ભક્તિ અને કર્મ બન્ને ભેગા થાય તો કલ્યાણ થાય છે. તેમ આપણે આત્મચિંતન કરીને આપણામાં રહેલા અવગુણોને બહાર કાઢવાના છે. એ રીતે આપણે શ્રીહરિની આજ્ઞાઓ પાળવા પ્રત્યેનો ખટકો રાખવાનો છે. પરમાત્માની બધી જ આજ્ઞાઓનું પાલન કરી ભવસાગર પાર કરવાનો સતત પ્રયત્ન કરવાનો છે. જીવનમાં સહજતા લાવવાની, બધું સ્વીકારતા શીખી જવું. ભગવાન પર શ્રધ્ધા રાખવી. પરંતુ બધું ભગવાન કરશે એવું નહિ ચલાવવાનું દરરોજ રાત્રે આત્મચિંતન કરતા રહેવાનું. જાણતા અજાણતા ખરાબ કર્મો થયા હોય તેની ક્ષમા માગી લેવાની. રોજનો ક્રમ બનાવી દેવાનો. ખરાબ કર્મ કરવાનો ઉદ્દેશ હોતો નથી તો પણ થઈ જાય છે. તો ભગવાન ખૂબ દયાળુ છે. બધાનું પોષણ કરે છે. બધાને માફ કરે છે. આપ સૌની સત્સંગ કરવાની શક્તિ ખૂબ વધે તેવી શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

●

**વિદુરનીતિ**

- સાંખ્યયોગી કંચનબા (ધ્રાંગધ્રા)

ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણા સૌ સત્સંગીના કલ્યાણ માટે સુખના માટે બહુવિધ પ્રયત્નો કર્યા. પોતાના સંતોને ગામોગામ મોકલીને છેક છેવાડે બેઠેલા મુમુક્ષુઓના હાથ પકડીને બેઠા કર્યા. સત્સંગિજીવન, સત્સંગિભૂષણ,

ભક્તચિંતામણી જેવા સર્વોત્તમ શાસ્ત્રો રચાવ્યાં. અમૃતના સાગર સમી પ્રભુની દિવ્યવાણીનો સંગ્રહ ''વચનામૃત-૨૭૩'' સંતો પાસે તૈયાર કરાવ્યો. તેમ છતાં હજુ બાકી રહેતું હોય, ભગવાને જીવોના શ્રેય અને પ્રેય માટે સ્વંય ''શિક્ષાપત્રી'' લખી. જે સર્વશાસ્ત્રોનો સાર છે. ઉપરાંત આપણા સર્વોત્તમ ઈતિહાસ મહાભારતમાંથી વિષ્ણુ સહસ્ત્રનામ, શ્રી ભગવદ્ ગીતા અને વિદુરનીતિ એ ત્રણ શાસ્ત્રો ભગવાને પોતાને પ્રિય માન્યા. અને સુખ ઈચ્છતા દરેકને તે વાંચવા-સાંભળવાની આજ્ઞા કરી.

સંતોની ખૂબ સરળ ભાષા અને દૃષ્ટાંત સાથે વિદુરનીતિની સમજણ ગૃહસ્થો માટે ખૂબ જરૂરી છે. વિદુરનીતિ આપણને આપણા જીવનમાં, આપણા કાર્યક્ષેત્રમાં આપણા વ્યવહારમાં ક્યાં ક્યાં ક્ષતિ કે ભૂલ થાય છે તે સમજાવે છે. મહાત્મા વિદુરજી ધૃતરાષ્ટ્રને નીતિનો ઉપદેશ આપે છે. તેમા કહે છે.

આ ચાર જણ સાથે મંત્રણા-રહસ્ય વાર્તા એટલે કે ગુપ્ત વિચાર ન કરવો. એક તો જેની બુદ્ધિ ઓછી હોય એની સાથે ગુપ્ત વિચાર ન કરવો. બીજા તો જે, દીર્ઘસૂત્રી હોય, એટલે કે પંદર મિનિટમાં પતી જાય એટલું જ કામ હોય તો બે દિવસ કરે એને દીર્ઘસૂત્રી કહેવાય. ત્રીજો તો જે, હરખઘેલો હોય કે જે, થોડા લાભમાં પણ વધુ ખુશ થઈ જતો હોય તેની સાથે પણ ગુપ્ત વિચાર ન કરવો. અને ચોથો કે જે આપણી ભાટાઈ કરતો હોય એટલે કે જે, આપણામાં અમુક સદ્‌ગુણ ન હોય તો પણ ઉમેરી ઉમેરીને આપણા વખાણ કરે તેની સાથે કોઈ સત્‌કાર્યની મંત્રણા કરવી નહિ. જે બાબતની મંત્રણા કરવી હોય એ બાબતમાં અનુભવી હોય તેની સાથે મંત્રણા કરવી. વફાદારની સાથે મંત્રણા કરવી, પણ ઓછી બુદ્ધિવાળા, હરખઘેલા અને ભાટાઈ કરવાવાળાની સાથે ક્યારેય પણ મંત્રણા ન કરવી.

આ ચાર વસ્તુ તર્ત જ ફળ આપે છે. તેમાં એક તો દેવોનો સંકલ્પ તત્કાળ ફળે છે. દેવોનો સંકલ્પ એટલે કે શુભ સંકલ્પ. ''શિવસંકલ્પમસ્તુ'' આપણા શુભ મનોરથો ભગવાન પુરા કરે છે. બીજું મહાપુરુષોનું તપ જલ્દી ફળે છે. કારણ કે તેઓ પરમાર્થ માટે તપ કરતાં હોય છે. ત્રીજુ ગુરુની આગળ વિનયવાન બને તેની શુભ ઈચ્છાઓ તત્કાળ પૂર્ણ થાય છે. અને ચોથું પાપીઓનો નાશ પણ તત્કાળ ફળ આપે છે. એટલે કે પાપમય આચરણ અને અનિષ્ટ વિચારોનો નાશ કરવો.

વળી, ગૃહસ્થોએ ઘરમાં કે સગામાં કોઈ વૃધ્ધ હોય એ વૃધ્ધ સાથે સદ્‌ભાવ રાખવો. વૃદ્ધ એટલે જેનામાં જ્ઞાન, અનુભવ અને ઉંમરની વૃધ્ધિ થઈ છે તે. કારણ કે યુવાનમાં સાહસ હોય, શક્તિ હોય પણ વૃધ્ધો પાસે અનુભવ હોય છે. સાહસ અને શક્તિમાં જો અનુભવનો ઉમેરો થાય તો ક્યાંય પાછા પડવું ન પડે. સંસારના વ્યવહારના કોઈપણ ક્ષેત્રમાં નિષ્ફળતા ન મળે. એકલા સાહસની સાથે જો થોડો પણ અનુભવ ન હોય તો ક્યાંક પાછા પડવું પડે છે.

ઉપરાંત મૌન, શાસ્ત્રનું અધ્યયન, યજ્ઞ અને અગ્નિહોત્ર આ ચારનું કે ચારમાંથી એકનું આચરણ કરતો હોય એને નુકશાન નથી પણ એ આચરણની પાછળ જો શુભ નિષ્ઠા ન હોય તો એ બહુ મોટો ભય ઉભો કરે છે.

બ્રહ્માનંદ સ્વામી કહે છે - એટલા માટે જ આ વિદુરનીતિનું ભાષાંતર રચ્યું છે. જીવનમાં વિદુરનીતિના પાઠ બહુ યાદ રાખવા જેવા છે. વિદુરનીતિની કથાના થોડાક અંશ આપણે પણ મમળાવીને આપણા મન, વિચાર અને ધર્મને વધુ દૃઢ બનાવીએ.

અલગ અલગ હજારો કામ કરીએ તે કાર્ય કર્યા કહેવાય છે. પરંતુ કોઈપણ એક જ સારુ કાર્ય હજાર વખત કરીએ ત્યારે તે કાર્યસિધ્ધ કહેવાય છે.

●

### કર્મની ગતિ ન્યારી

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

જગત આખું કર્માધિન છે. જે જેવું કરે છે તે તેવું ભોગવે છે. કોઈ કોઈને સુખ કે દુઃખ આપતું નથી દરેકને પોતે કરેલું કર્મ જ ભોગવવું પડે છે. વનવાસની પ્રથમ રાત્રીએ રામ અને સીતા ભૂમિ પર સૂઈ ગયા. તે જોઈ ખૂબ દુઃખી થઈ ગયેલા નિષાદરાજ વિચારવા લાગ્યા કે અપાર વૈભવમાં રહેવા ટેવાયેલા રામ સીતાને આજે રાણી કૈકેયી પ્રત્યે એક સમયે ઉગ્ર રોષ વ્યક્ત કરવા લક્ષ્મણ આ સમયે ખૂબ સ્વસ્થ બની જવાબ આપે છે કે કોઈ કોઈને સુખ કે દુઃખ આપતું નથી. દરેક વ્યક્તિ પોત પોતાના સારા કે ખોટાં કર્મ અનુસાર સુખ કે દુઃખ ભોગવે છે. સીતાના પિતા જનક રાજા મહાન હતા. સસરા દશરથ રાજા તો વળી ઈન્દ્રદેવના મિત્ર હતા. અયોધ્યાના રાજા મહેલમાં પલંગ ઉપરથી ખોળામાં અને ખોળામાંથી પલંગમાં બેસનારા સીતાજીને આજે ખુલ્લે પગે વનમાં ફરવાનો વારો આવ્યો છે. તેમાં વિધિની વક્રતા નહીં તો બીજું શું ? પૂર્વ જન્મનાં સંચિત કર્મો જ એકત્રિત થઈને ભાગ્યનું સ્વરૂપ ધારણ કરે છે. (જો કે આ બધું ભગવાનની ઈચ્છાથીજ થતું હોય છે.)

જીવનમાં આપણને ઘણીવાર એવું લાગે છે, કે એક વ્યક્તિએ આપણને ખૂબ દુઃખી કરી નાંખ્યા છે. ત્યારે આ પંક્તિઓ યાદ કરવા જેવી છે. ''કોઈ કોઈને સુખી કે દુઃખી કરતું નથી. પણ વિધિ જ આપણને સુખ કે દુઃખ આપવા નિમિત્ત બનીને આવે છે.'' સુખ મળે ત્યારે તેનો યશ માણસ પોતને ફાળે નોંધાવે છે. જ્યારે દુઃખ પ્રાપ્ત થાય ત્યારે તે માણસ બીજા ઉપર દોષનો ટોપલો ઢોળે છે. આ વલણ યોગ્ય નથી. આ જગતમાં સુખ દુઃખનું ચક્ર તો પ્રત્યેકના જીવનમાં ચાલતું જ રહે છે. તેથી સંતો સુખ તથા દુઃખમાં સમતા ધારણ કરવાનું, સ્વસ્થતા ધારણ કરતાનું કહેતા હોય છે. સુખ અને દુઃખ આપણાં જ આ જન્મનાં કે પૂર્વ જન્મનાં કર્મોના પરિપાક રૂપે જ મળે છે. તે માટે બીજાને દોષ દેવો નિરર્થક છે.

રામાવતારમાં શ્રીરામ તાડના સાત વૃક્ષ પાછળ સંતાઈને વાલીનો વધ કરે છે. તો તેજ વાલી અજાણતાં શ્રીકૃષ્ણાવતારમાં

શ્રીકૃષ્ણને પગ ઉપર બાણ મારી શ્રીકૃષ્ણનો પ્રાણ હરી લે છે. આ પણ તો છે કર્મનો સિદ્ધાંત. સાદી તથા સરળ ભાષામાં કહીએ તો કર્મ એટલે ક્રિયા, આપણે જે કાંઈ ક્રિયા કરીએ છીએ તે કર્મ. કર્મ ભોગવ્યા સિવાય કોઈનોય છૂટકો નથી.

મહાભારતનાં યુદ્ધમાં ધૃતરાષ્ટ્રનાં ૧૦૦ (સો) પુત્ર એક સાથે મરી ગયા. ત્યારે રાજાએ શ્રીકૃષ્ણને પૂછ્યું કે ''હે અચ્યુત, મારા જીવનમાં મેં એવું કોઈ ભયંકર પાપ કર્યું નથી. છતાં મારા ૧૦૦ (સો) પુત્ર કેવી રીતે મરી ગયા ?'' જવાબમાં શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્રને કહે છે કે ''હે રાજન, આજથી ૫૦ (પચાસ) જન્મ પહેલાં તમે પારધી હતા. એક વખત પક્ષીઓ પકડવા તમે એક વૃક્ષ ઉપર બેઠેલાં પક્ષીઓને પકડવા સળગતી જાળ તેમનાં પર ફેંકી હતી. તેનાથી ઘણાં પક્ષીઓ બળી ગયા. આ કર્મ પડી રહ્યું. તમારી બીજી પુણ્યાઈને કારણે તમને ૧૦૦ પુત્ર થયા. જ્યારે તે કર્મ પાક્યું જેથી તમે પક્ષી બળવાના કારણે આંધળા થયા. ૧૦૦ પુત્રનું સુખ મેળવ્યું. પણ તે પક્ષી બળી ગયાં હોવાથી તમારા કર્મના કારણે યુદ્ધમાં ૧૦૦ પુત્ર મરણ પામ્યા. ખરેખર કર્મની ગતિ ગહન છે.

●

### અનોખો ભવ્ય મહોત્સવ

- જાનકી નિકીકુમાર પટેલ (ગુલાબપુરા)

સત્સંગ વિચરણ કરતા કરતા શ્રીહરિ કારીયાણી પધાર્યા. શ્રીહરિની સાથે દાદાખાચર અને તેમની બે બહેનો પણ હતી. પંચાળાથી હેમંતસિંહ દરબાર શ્રીહરિને પોતાના વતનમાં તેડી જવા માટે આવ્યા. સવારે પૂજાપાઠથી પરવારી હેમંતસિંહ દરબાર શ્રીજી મહારાજના ઉતારે આવ્યા. શ્રીહરિ કેટલાક મોટેરા સંતો સાથે બિરાજેલા હતા. દરબારે આવીને પ્રાર્થના કરી કે, ''હે પ્રભુ ! જુનાગઢ પંથકના હરિભક્તો આપના દર્શન માટે આતુર છે. તેથી આપ પંચાળા પધારો.'' શ્રીહરિએ પોતાની સંમતિ આપતા પહેલા સંતો સામે જોયું. દાદા ખાચરની બહેનોને લાગ્યું કે શ્રીહરિ પંચાળા જવા વિચારે છે. બહેનોએ દાદાને વાત કરી તેથી દાદા ખાચરે પણ મહારાજને ગઢડા પધારવા વિનંતી કરી. આ ખેંચતાણ ચાલે છે તેટલામાં લોયાથી સુરા ખાચર આવ્યા અને કહેવા લાગ્યા કે ''હે પ્રભુ ! નાથિયાની મા એ મને મોકલ્યો છે અને કહેવડાવ્યું છે કે મહારાજને લઈને જ લોયા આવજો નહિ તો મહારાજ થકી દીક્ષા લઈને સંત બની તેમના ભેગા રહેજો. તેથી હે પ્રભુ હું આપને તેડવા આવ્યો છું.'' આ પ્રમાણે ત્રણ આમંત્રણ એક સાથે આવતા શ્રીહરિ વિમાસણમાં પડ્યા કે આ શું કરવું ? સંતોની સંમતિથી એવું નક્કી થયું કે દાદા ખાચર અને તેમની બહેનો સહિત રસ્તામાં લોયા થઈને પંચાળા જવું.

નક્કી થયેલા કાર્યક્રમ પ્રમાણે સંઘ લોયા પહોંચ્યો. તે વખતે કોઈ ઉત્સવનો કોઈ વાર તહેવાર આવતો ન હતો કે જેથી લોયામાં ઉત્સવ ઉજવી શકાય. તેમ છતાં સુરા ખાચરને કાંઈક ઉત્સવ કરાવવો હતો તેથી શ્રીહરિ અવઢવમાં હતા કે પોતાના પરમ સખાને કેમ રાજી કરવા ?

આજુબાજુના ગામોના હરિભક્તો શ્રીહરિને પોતાની વાડીના તાજા કૂમળા રીંગણાં જમાડવાની ઈચ્છાથી ગાડા ભરીને લઈ આવ્યા. તાજા કૂમળા રીંગણા જોઈને મહારાજે કહ્યું કે, ''દરબાર ઉત્સવ કરવો છે ને ? તો થઈ જાવ તૈયાર. આવતી કાલે મહા સુદ-૭ના રોજ ઉત્સવ કરીશું.'' દરબારે પૂછ્યું, ''પ્રભુ કાલે કોઈ વાર-તહેવાર તો નથી તો શાનો ઉત્સવ કરશો? શ્રીહરિએ કહ્યું, ''આ તાજા કૂમળાં સુંદર રીંગણાનો ઉત્સવ ''શાકોત્સવ'' કરીશું.'' દરબારે કહ્યું ''પ્રભુ શાકનો તો કાંઈ ઉત્સવ થતો હશે ?'' પ્રભુએ કહ્યું ''દરબાર કાલે જોજો ને કેવો ઉત્સવ થાય છે ?''

હરિભક્તોએ લાવેલા રીંગણા ૬૦ મણ થયાં. તેને ધોઈને સાફ કરી એક રીંગણની ચાર ઉભી ચીરીઓ કરી. એવી રીતે રીંગણાના ટોપલે ટોપલા તૈયાર કર્યા. પછી શ્રીહરિએ હરિભક્તોને આજ્ઞા કરી કે દરેક પોતાના ઘેરથી રાઈ, જીરૂ, મરચું, હળદર, મીઠું, લવીંગ, તજ અને ધાણાજીરૂ વગેરે લઈ આવે. તે પ્રમાણે ભક્તો પોતાના ઘેરથી મરી મસાલા લઈ આવ્યા. ચૂલા ઉપર મોટા મોટા તપેલાં મૂકી તેમાં વઘાર માટે બાર મણ ઘીથી વઘાર કર્યો. આજે શ્રીહરિએ પીળું પીતાંબર ધારણ કર્યું છે. સફેદ ઉપરણી ઓઢી છે. ખભે એક નાનો રૂમાલ નાંખ્યો છે. આમ સ્વયં શ્રીહરિ રસોયા બન્યા છે. ધીમા તાપે શાકને ચઢવ્યું. બધા મસાલા સ્વયં શ્રીહરિએ કર્યા. શાક ચઢી ગયા પછી ઘી માં મોએલા ચણાનો લોટ શાક ઉપર નાંખી થોડા વખત શાકને સીજવા દીધું. શાકને મોટા તાવેતાથી હલાવીને રસબસ કર્યું તે વખતે શાકમાંથી નીકળતી અલૌકિક સુગંધથી ચારે બાજુનું વાતાવરણ મધમધી ઉઠ્યું. આ પ્રમાણે શાક બનાવવામાં ગુલતાન બનેલા શ્રીહરિએ હળદળવાળા હાથ પોતાના પીતાંબરથી લૂછયા. તાપથી શરીરે થયેલા પ્રસ્વેદ બિંદુઓને રૂમાલથી લૂછ્યા. આવા શ્રીહરિના દિવ્ય અલૌકિક દર્શન કરીને સર્વે સંત હરિભક્તો ધન્ય ધન્ય થઈ ગયા.

શાકોત્સવ નિમિત્તે સુરા ખાચરે મિષ્ટાન અને પુરી તૈયાર કરાવી. શ્રીહરિની આજ્ઞા થતા સંતો અને હરિભક્તોની જમવા માટેની પંક્તિ થઈ. શ્રીહરિ સ્વયં હાથમાં ડંકો (કડછી) લઈને શાક પીરસવા લાગ્યા. શ્રીહરિએ શાક સ્વયં બનાવેલું હોવાથી તેમાં એવો અનેરો સ્વાદ મુક્યો કે દરેકને પોતાની રૂચિ પ્રમાણેનો સ્વાદ તેમાંથી આવતો હતો. બધા સંતોને અને હરિભક્તોને મહારાજે ખૂબ ખૂબ આગ્રહ કરીને જમાડ્યાં.

આમ ''શાકોત્સવ'' નામના નવા જ ઉત્સવનું નજરાણું મહારાજે સત્સંગને આપ્યું. આ શાકોત્સવની લીલા બહુ અલૌકિક છે. તેથી અન્નકૂટોત્સવ, પુષ્પદોલોત્સવ, વસંતોત્સવ શરદોત્સવ વગેરે ઉત્સવોની જેમ ખૂબજ ઉત્સાહથી આવો શાકોત્સવ સંપ્રદાયમાં ઉજવાય છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ પૃથ્વી નીચેના સાત લોક શાસ્ત્ર માં કહ્યાં છે તે કયાં કયાં છે ?

પ્ર. ૨ પૂર્ણાનંદજી સ્વામી ને રોજ સવારે સાત શેર ઘી ના કોગળા કરવાનું વૈધે બતાવેલું હતું. તો સ્વામી ને શાનું દર્દ હતું ?

પ્ર. ૩ નિષ્કુળાનંદસ્વામી રચિત યમદંડમાં જમપુરી ના કેટલા નરકનાં કુંડો બતાવ્યા છે. ?

પ્ર. ૪ ગામ ઝિંઝરના ખોડાભાઈ નામે ગરાસીયા થઈ ગયા. તેમના ગામે સ્વામિનારાયણ ભગવાન પધાર્યા ને ખાવાનું માગ્યું તો તેમણે શું લાવી ને આપ્યું ?

પ્ર. ૫ છપૈયામાં ધર્મદેવ ના ઘરે ચોર ચોરી કરીને ફણસ ની ચોરી કરવા આવ્યા હતા તો તેને પીપળા ના વૃક્ષમાં રહેતા ભૂતોએ ફળ લઈ જવા ન દીધા. સવારે પછી ઘનશ્યામે ભૂતોને દર્શન આપીને શું આશીર્વાદ આપ્યાં ?

પ્ર. ૬ મહાતીર્થ ગયાજીમાં સીતાજીએ મહારાજા દશરથ નું શ્રાધ્ધ ચાર સાક્ષી રાખીને કર્યું હતું તે ચાર સાક્ષી કોણ હતાં. ?

પ્ર. ૭ ''વેલેરી ઉઠીને વાલાજી નું વદન નિહાળું ...'' પ્રભાતિયાની રચના કોણે કરી છે ?

## જાન્યુઆરી-૨૦૧૩ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) શ્લોક ૧૨૮. (૨) અમદાવાદ કાલુપુર સ્વામિનારાયણ મંદિર જે હાલમાં જેતલપુર અક્ષરમહોલવાડીમાં છે. (૩) જેમ આપણને તરસ લાગી હોય તે પાત્ર માં પાણી હોય તે પીવાથી મટે, પણ પૃથ્વીમાં પાણી રહ્યું છે તેને પાણી પાણી સંભારવાથી તરસ ન મટે તેમ પરોક્ષ્યથી ભવતણો પાર ન આવે. (૪) ચંડાળ જેવો જાણવો. (૫) લક્ષ્મી ના અંશથી અનઘા નામની દતાત્રેયની પત્ની થયા. (૬) સુખ પામી રે સખી સુખ પામી — મુક્તાનંદ સ્વામી. (૭) ૩ દિવસનું.

૧. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૨. કંચનબેન તથા તૃપ્તિબેન (રતનપર)
૩. સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૪. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૫. ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૬. પટેલ જયંતિલાલ હીરાભાઈ (વહેલાલ)
૭. પટેલ અલકાબેન દિનેશચંદ્ર, ઘનશ્યામ મહિલા મંડળ
૮. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૯. ભાવસાર વીણાબેન રતિલાલ (અમદાવાદ)
૧૦. સાં.યો. શિલ્પાબા તથા શિતલબા (કાલુપુર હવેલી)
૧૧. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૧૨. ભાવસાર કપિલાબેન નટવરલાલ (લાંઘણજ)
૧૩. પટેલ અનિતાબેન હરિપ્રસાદ ઘનશ્યામ મહિલા મંડળ (લુણાવાડા)
૧૪. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૧૫. પટેલ દિવ્યાંગ ભરતભાઈ (મારૂસણા)
૧૬. પટેલ માધવદાસ સોમદાસ (મારૂસણા)
૧૭. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૧૮. પટેલ સાકરબેન નટવરલાલ (નાંદોલ)
૧૯. પટેલ શકરીબેન ભગત (વડુ)
૨૦. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)
૨૧. પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૨૨. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૨૩. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ)
૨૪. પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૨૫. ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ધૂંટું મોરબીનું)
૨૬. ભોરણીયા રમેશભાઈ નથુભાઈ (ધૂંટું)
૨૭. સોની વર્ષાબેન અરવિંદભાઈ (નવરંગપુરા)
૨૮. સાં.યો. મંજુબા, ભારતીબા (કાલુપુર હવેલી)
૨૯. સાં.યો. કંચનબા, હીરાબા, ભાગવતીબા (ધ્રાંગધ્રા)
૩૦. ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૩૧. પંચાલ વંદના (નારણપુરા)
૩૨. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૩૩. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૩૪. શ્રી નરનારાયણદેવ બાળ મંડળ પંચવટી (કલોલ)
૩૫. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૩૬. શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું (વિરાટનગર-ઓઢવ)
૩૭. ઓચ્છવ મંડળ શ્રી સ્વામિનારાયણ મંદિર (એપ્રોચ-બાપુનગર)
૩૮. ટીંબડીયા ચિંતન આર. (એપ્રોચ-બાપુનગર)
૩૯. પટેલ નિરવ ડી. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-લુણાવાડા)
૪૦. ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૪૧. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૪૨. ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૪૩. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૪૪. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૪૫. ભાવસાર પલ્લવીબેન શકરીબેન (લાંઘણજ)
૪૬. ભાવસાર વસંતીબેન, ભાવસાર હસુમતીબેન, પટેલ ડહીબેન (લાંઘણજ)
૪૭. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૪૮. પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૪૯. આદ્રોજા માધવજીભાઈ હરખજીભાઈ (મોરબી)
૫૦. શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) (મોરબી)
૫૧. પટેલ ભૈરવીબેન શશીકાન્તભાઈ (કેનેડા)
૫૨. પટેલ તૃપ્તિબેન ગોવિંદભાઈ (વાડજ)
૫૩. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)
૫૪. પટેલ રૂપલબેન કંચનલાલ (લુણાવાડા)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ કાલુપુર નિજ મંદિર જીર્ણોદ્ધાર અને સુવર્ણ સિંહાસનમાં સેવા કરવાનો અમૂલ્ય અવસર**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી અમદાવાદમાં સંપ્રદાયનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં હાલ નિજ મંદિર જીર્ણોદ્ધાર અને ત્રણે શિખરના દેવોના અલૌકિક સુવર્ણ સિંહાસનનું નિર્માણ કાર્ય ચાલું છે. વ્હાલા પ્રેમી હરિભક્તોને આવી દેવ સેવા કરવાની અમૂલ્ય તક મળી છે તો જરૂર સેવા કરીને જીવન કૃતાર્થ કરી ધન્ય બનશો. (મહંત સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર**

ઐતિહાસિક અને ધાર્મિક નગરી વનડગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી પવિત્ર ધનુર્માસમાં સવારે ૫-૩૦ થી ૬-૩૦ દૈનિક પ્રભાત ફેરી મહંત શા.સ્વા. નારાયણવલ્લભદાસજીના માર્ગદર્શન મુજબ નગરના માનોર, કાપડ બજાર, બારોટી બજાર, ગોળવાડો, અર્જુન બારી, નાગધરો, હાટકેશ્વર પરા વિસ્તાર, ભાવસાર ઓળ, કાળા વાસુદેવ આચરે, અટારો, ઘાંસ કોળ, દરવાજો, પંડ્યા શેરી વગેરે વિસ્તારોમાં પ્રભાત ફેરી મહામંત્ર સાથે ફરીને પરત મંદિર આવી ૭-૦૦ વાગ્યા સુધી ધૂન્ય કરીને શણગાર આરતી બાદ સભામાં શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજીના વક્તાપદે વચનામૃતની કથાવાર્તાનો હરિભક્તોએ લાભ લઈને ધન્ય બન્યા હતા. તા. ૨૫-૧૨-૧૨ના રોજ પ્રસાદીના નાગધરે "ખીચડી કઢીના પ્રસાદ સાથે સત્સંગનો સુંદર કાર્યક્રમ થયો. જેમાં ૧૫૦૦ હરિભક્તો જોડાયા હતા. જેમાં મહંત શા. નારાયણવલ્લભદાસજી અનો શા. વિશ્વપ્રકાશદાસજીએ કથા વાર્તા કરીને હરિભક્તોને કથારસમાં તૃપ્ત કર્યા હતા. શ્રી વાડીલાલ મોદી અને શ્રી કાલીદાસ જે. પટેલે પ્રભાત ફેરીમાં મધુર સ્વરે ધૂન બોલાવી ને સુંદર લાભ આપ્યો હતો. (ભીખાભાઈ એમ. વાળંદ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા**

શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા શા.સ્વા. આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયામાં ધનુર્માસમાં વહેલી સવારે ઠાકોરજી સમક્ષ સંતો અને હરિભક્તો દ્વારા શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય કરવામાં આવી હતી. તા. ૩૧-૧૨-૧૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ધૂન પ્રસંગે પધાર્યા હતા. અને સમસ્ત હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે દરેક હરિભક્તોને દૂધ પ્રસાદ આપવામાં આવેલ. ધૂનમાં શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસે શ્રીહરિના મહિમાની સુંદર કથાનો લાભ આપ્યો હતો. એકાદશીના દિવસે કાંકરિયા મંદિરથી કાલુપુર શ્રી નરનારાયણદેવના દર્શને સંત-હરિભક્તોએ પદયાત્રા યોજી હતી. ઉત્તરાયણના દિવસે સંતો દ્વારા કથાનો લાભ અને પૂજારી દેવ સ્વામીએ ઠાકોરજીના સુંદર શણગાર કરી દર્શન કરાવ્યા હતા. હરિભક્તોએ આખો માસ ધૂન્યનો લાભ લઈ કૃતાર્થ થયા હતા. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, કાંકરિયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ખાતે કથા પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમસ્ત ધર્મકુળના રાજીપાથી તેમજ સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. મહંત શા.પી.પી. સ્વામી (નારાણઘાટ)ની પ્રેરણાથી અ.નિ. પ.ભ. જયંતીભાઈ પ્રહલાદાસ પટેલ (ડાંગરવાવાળા)ના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સ.ગુ.શા. સ્વા. વિશ્વસ્વરૂપદાસજીના વક્તાપદે સંગીતના મધુરતાલે થઈ હતી. આ પ્રસંગે સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી, વિશ્વવિહારી સ્વામી, ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી અને શ્રીવલ્લભ સ્વામી આદિ સંતોએ પધારીને યજમાન પરિવારને આશીર્વાદ આપ્યા હતા. શા. કુંજવિહારીદાસજી સહિંતા પાઠમાં બિરાજ્યા હતા શા. દિવ્યપ્રકાશદાસ અને સ્વા. માધવપ્રિયદાસે પ્રસંગોચિત પ્રવચન કરેલ. પૂર્ણાહુતિ પ્રસંગે

પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. શા. વ્રજભૂષણદાસજી અને બાલુ સ્વામીએ સુંદર આયોજન કર્યું હતું. (વિષ્ણુભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર ૨૩ મો પાટોત્સવ-શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી (ઈડર) તથા સ.ગુ. મહંત શા.સ્વા. હરિજીવનદાસજીની પ્રેરણાથી હિંમતનગર મંદિરમાં બિરાજમાન બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો ૨૩ મો પાટોત્સવ માગસર સુદ-૬ ના રોજ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તા. ૧૮-૧૨-૧૨ના રોજ પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર અભિષેક વિધિવત રીતે સંપન્ન થયો હતો.

યજમાન જડીબા ઈશ્વરભાઈના સુપુત્ર જગદીશભાઈ (સલાલ)એ મહાપૂજા અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના પૂજનનો લાભ લઈ ધન્ય બન્યા હતા. ત્યાંથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી યજમાનશ્રીને ઘેર અલ્પાહાર કરીને લક્ષ્મીનારાયણ સોસાયટીમાં આવેલ હરિ મંદિરનો પ્રથમ પાટોત્સવ કરી અન્નકૂટ આરતી ઉતારી હતી. આ પ્રસંગે ઈડર, ટોરડા, શોકલી, માણસા, અમદાવાદ, લાલોડા, પ્રાંતિજ અને નાથદ્વારા આદિ ધામોધામથી સંતોએ પધારી લાભ આપ્યો હતો. સભા સંચાલન શા.સ્વા. હરિજીવનદાસજીએ સંભાળ્યું હતું. પૂજારી અજય પ્રકાશદાસજી તથા ઈડર, શોકલી અને નાથદ્વારાના સંતોએ પાટોત્સવમાં ખૂબજ સારો સહકાર આપ્યો હતો. (અરવિંદભાઈ ટાંક)

<u>શાકોત્સવ - ધનુર્માસ ધૂન</u>

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે ઈડરથી શા.પી.પી. સ્વામી, શા. કુંજવિહારી સ્વામી, સત્યસંકલ્પ સ્વામી અને હિંમતનગરના મહંત સ્વામી આદિ સંતોએ શાકોત્સવનો મહિમા કહ્યો હતો. બહેનોએ રોટલા બનાવવાની સુંદર સેવા કરી હતી.

પવિત્ર ધનુર્માસમાં પ્રાતઃ મહામંત્ર ધૂન અને ત્યારબાદ મહંત શા.સ્વા. હરિજીવનદાસજી દ્વારા શ્રી પુરુષોત્તમપ્રકાશની કથા થઈ હતી. પૂજારી સ્વામી અજયપ્રકાશદાસજીએ ઠાકોરજીને સુંદર શણગાર ધરાવીને હરિભક્તોને રાજી કર્યા હતા. ઉત્તરાયણના મંદિરને પતંગોથી શણગાર્યુ હતું. ઠાકોરજીની સમૂહ આરતી આદિ ધામધૂમથી થયા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પ્રેરણાત્મક સેવા બજાવી હતી.

(મનુભાઈ પટેલ)

**હિરાવાડીમાં પ્રથમ ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં તથા સ.ગુ.શા. પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી તા. ૧૨-૧-૧૩ ના રોજ હિરાવાડી ખાતે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા ભવ્ય પ્રથમ શાકોત્સવ ઉજવાયો.

હિરાવાડીના સમસ્ત સત્સંગ સમાજના સહયોગથી સુંદર શાકોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે ધામધૂમથી સંપન્ન થયો હતો. સભામાં એપ્રોચ મંદિરના મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજી તથા સ્વામી હરિકૃષ્ણદાસજીએ શાકોત્સવનો મહિમા સમજાવ્યો હતો. ત્યારબાદ યુવક મંડળ દ્વારા ભજન કીર્તન ભક્તિ થઈ હતી. સેવાભાવી હરિભક્તોનું સન્માન પ.પૂ. મોટા મહારાજશ્રીના હસ્તે થયું હતું. બાળ મંડળના બાળકો માટે એક સુંદર કીટ (બેગ)નું વિમોચન પ.પૂ. મોટા મહારાજશ્રીએ કર્યું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગમાં યોગી સ્વામી, જે.પી. સ્વામી, વિશ્વવિહારી સ્વામી, માધવ સ્વામી આદિ સંતો પધાર્યા હતા. સંતો દ્વારા બાળકોને ઈનામ આપવામાં આવેલ. સમગ્ર આયોજનનું સંચાલન સ.ગુ.શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજીએ કર્યું હતું. ૧૫૦૦ જેટલા ભાવિક ભક્તોએ શાકોત્સવનો લાભ લીધો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી.

(મહેન્દ્રભાઈ પટેલ, હિરાવાડી)

**પ્રસાદીભૂત મોટેરા ગામે શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય નવાન્હ (રાત્રીય) પારાયણ-શાકોત્સવ**

શ્રીહરિના દિવ્ય ચરણોથી અંકિત જ્યાં મહારાજ ૧૦ વખત પધાર્યા છે. એવા મહાપ્રસાદીભૂત મોટેરા ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શાસ્ત્રી પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી અત્રે તા. ૨૨-૧૨-૧૨ થી તા. ૩૦-૧૨-૧૨ પર્યન્ત શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય નવાન્હ (રાત્રીય) પારાયણ (ક્રમશઃ) સ.ગુ.શા. સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તાપદે સંગીતના મધુરતાલે થઈ હતી. આ કથાના ૪ થા વર્ષે શિ.શ્લોક ૮૬ થી ૧૨૧ શ્લોક સુધીની કથા કરવામાં આવી. જેના મુખ્ય યજમાન અ.નિ. નટવરભાઈ રામદાસ પંચાલ, નારણભાઈ રામદાસ પંચાલ અને ચંદુભાઈ રામદાસ પંચાલ પરિવાર રહ્યાં હતા. જેમાં સમગ્ર ગામના હરિભક્તોએ પણ તન, મન અને ધનથી સેવા કરી હતી. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. ત્યારબાદ દિવ્ય શાકોત્સવનો વધાર કરી સભામાં કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી.

આ પ્રસંગમાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (કાલુપુર), સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ) આદિ સંતોની પ્રેરકવાણી બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર આયોજનમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. સમગ્ર આયોજનનું સંચાલન સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ કર્યું હતું.

(શ્રી ન.ના.દેવ યુવક મંડળ, મોટેરા)

**પોર ગામમાં (જી. ગાંધીનગર) વિદુર નીતિ પારાયણ પંચાન્હ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (કાલુપુર), સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી અને સ.ગુ. મહંત શા.સ્વા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી ગાંધીનગર જીલ્લાના પોર ગામમાં તા. ૧૯-૧૨-૧૨ થી તા. ૨૩-૧૨-૧૨ પર્યન્ત પંચ દિનાત્મક શ્રી વિદુરનીતિ પારાયણ ધામધૂમથી સંપન્ન થઈ.

સમગ્ર પારાયણના યજમાનપદે પ.ભ. રમણભાઈ ચતુરભાઈ પટેલ પરિવાર હ. વિક્રમભાઈ, સુમનભાઈ, રાજુભાઈ આદિએ તેમના માતુશ્રી અ.નિ. જીજીબેન રમણભાઈ પટેલના સ્મરણાર્થે પારાયણના યજમાન બની દિવ્યતમ લાભ લીધો હતો. પારાયણના વકતાપદે સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજીએ બિરાજીને પોર અને આજુબાજુના ગામોના હજારો મુમુક્ષુઓને દેવ દુર્લભ કથાનું રસપાન કરાવ્યું હતું.

આ પ્રસંગે સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી બહેનોને દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા. દરેક ધામોના સંતો રોજે રોજ લાભ આપતા હતા. પારાયણમાં બન્ને સમયે શ્રોતાઓને પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારીને યજમાન પરિવાર અને સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અને એપ્રોચ મંદિરના મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં ધનુર્માસમાં સવારે મહામંત્ર ધૂન અને ત્યારબાદ કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજીએ 'સારસિધ્ધ'ની કથા અને તા. ૧૬-૧૨-૧૨ થી તા. ૨૨-૧૨-૧૨ સ્નેહગીતાની કથા તેજ રીતે તા. ૨૬-૧૨-૧૨ થી તા. ૩૦-૧૨-૧૨ પર્યન્ત નિકોલ મંદિરમાં રાત્રે ૩ કલાક સ્નેહગીતાની કથા કરી હતી.

તા. ૭-૧-૧૩ ના પ્રાતઃ એપ્રોચ મંદિરથી કાલુપુર મંદિર સુધી તેમજ પ.ભ. દાસભાઈની પ્રેરણાથી તા. ૬-૧-૧૩ હર્ષદ કોલોની મંદિરથી કાલુપુર મંદિર ધૂન કીર્તન સાથે પદયાત્રા હરિભક્તોએ કરી હતી. (ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસ ગુરુ શા.સ્વા. આનંદજીવનદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં ધનુર્માસ ધૂન્ય ધામધૂમથી થઈ હતી. આ પ્રસંગે અમદાવાદથી સ્વામી ધર્મકિશોરદાસજી, બ્ર. સ્વા. હરિકૃષ્ણાનંદજી અને કરજીસણથી જસુ ભગત આદિ સંત-મંડળે કથા વાર્તા અને ધૂન્યમાં બેસીને સુંદર લાભ આપ્યો હતો. તા. ૨-૧-૧૩ના રોજ ઠાકોરજીનો ૨૦ મો વાર્ષિક પાટોત્સવ ઉપરોક્ત સંત મંડળ અને હિંમતનગરના મહંત સ્વામી આદિ સંતોએ મળી ઉજવ્યો હતો. પાટોત્સવ કોઠારી કીરીટભાઈના માતુશ્રી તારાબેન અમૃતલાલ પટેલના યજમાન પદે ઉજવાયો હતો. અને અન્નકૂટના યજમાન શ્રી દિનેશભાઈ સોની (હિંમતનગર) રહ્યાં હતા. તા. ૯-૧-૧૩ ના રોજ ભવ્ય શાકોત્સવ સુંદર રીતે ધામધૂમથી ઉજવાયો હતો. ઘણા હરિભક્તોએ દર્શન કરી શાકોત્સવ માણ્યો હતો. (કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) વિરાટનગર (ઓઢવ)**

શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ઓઢવ-વિરાટનગરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદથી બહેનો દ્વારા ધનુર્માસમાં સત્સંગની સુંદર પ્રવૃતિ કરવામાં આવી હતી. જેમાં કથાવાર્તા, ધૂન-ભજન કીર્તન થાળ ઠાકોરજી સમક્ષ થયા હતા. તા. ૧૩-૧-૧૩ ના રોજ પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને સ્વયં ધૂન્યમાં બિરાજીને શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય કરી હતી. સાં. રંજનબા તથા નાનીબેન અને અન્ય બહેનોએ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીનું સ્વાગત પૂજન કર્યું હતું. ત્યારબાદ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. જ્યાં સભામાં દરેક બહેનોને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. (નાનીબેન)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જમીયતપુરા ત્રીજો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા.સ્વા.

પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ) તથા સ.ગુ.શા.સ્વા. છપૈયાપ્રસાદદાસજી (જમીયતપુરા)ની પ્રેરણાથી પ.ભ. ડાહ્યાભાઈ રણછોડભાઈ તથા અ.નિ. ઉમાબેનના યજમાન પદે શ્રી સ્વામિનારાયણ મંદિર જમીયતપુરાનો ત્રીજો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

તા. ૨૦-૧૨-૧૨ માગસર સુદ-૮ ના સવારે ૮-૩૦ કલાકે અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત-મંડળ સાથે પધાર્યા હતા ને મંદિર માં શ્રી હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચારપૂર્વક અભિષેક કરીને સૌને અલૌકિક દર્શનનું સુખ આપ્યું હતું. ત્યારબાદ પ.ભ. પ્રકાશભાઈ સોમાભાઈના નવા મકાનમાં પધરામણી કરી હતી. ત્યારબાદ ઠાકોરજીની અન્નકૂટ આરતી કરીને સભામાં બિરાજમાન થયા હતા. યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારી ભેટ પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાસંગિક સભામાં સ.ગુ.શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી, (જેતલપુર) સ.ગુ. મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી, સ.ગુ. મહંત શા.સ્વા. પૂર્ણપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી રામકૃષ્ણદાસજી, મહંત સ્વામી વિજયપ્રકાશદાસજી અને હાર્દિક ભગતે પ્રવચન કર્યા હતા.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગમાં પૂ. મોટા પી.પી. સ્વામી (જેતલપુર) અને કાંકરિયાના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજીના માર્ગદર્શન મુજબ પા. હાર્દિક ભગત અને કોઠારી હિંમતભાઈએ સુંદર આયોજન કર્યું હતું. સભા સંચાલન શા.સ્વા. છપૈયાપ્રસાદદાસજીએ સંભાળ્યું હતું. સિધ્ધપુરથી સી.પી. સ્વામીએ પણ સુંદર સેવા કરી હતી. ગામના તમામ હરિભક્તોના સાથ સહકારથી પ્રસંગ ધામધૂમથી ઉજવાયો. (કોઠારી હિંમતભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મારૂસણા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને ઈડર મંદિરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૬-૧૨-૧૨ ના રોજ ચતુર્થ શાકોત્સવ પ.ભ. કાળીદાસ ગોકળદાસ પરિવારના યજમાન પદે ધામધૂમથી ઉજવાયો. સ.ગુ. સ્વામી રઘુવીરચરણદાસજી એ શાકનો વધાર કર્યો હતો. સભા સંચાલન સ્વામી સત્યસંકલ્પદાસજી અને શ્રીજીપ્રકાશદાસજીએ સુંદર રીતે કર્યું હતું. શા.સ્વા. વિશ્વવલ્લભદાસજી તથા શા.સ્વા. પ્રેમપ્રકાશદાસજીએ ત્રણ દિવસ કથા વાર્તાનો લાભ આપ્યો હતો. (કોઠારી હસમુખભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુર**

શ્રી નરનારાયણદેવની કૃપાથી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુર અમદાવાદ ખાતે પવિત્ર ધનુર્માસમાં હરિભક્તોએ સાથે મળી સવારે ૫-૩૦ થી ૬-૩૦ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરીને અલૌકિક લાભ લીધો હતો.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર છપૈયાધામ સોસાયટી અને કડીયાવાડ એમ બન્ને મંદિર લુણાવાડામાં ધનુર્માસમાં પ્રાતઃ ધૂન-ભજન કીર્તન આદિ થયા હતા. પૂ. વાસુદેવ સ્વામી અને ઘનશ્યામ સ્વામીએ ભગવાનનો સુંદર શણગાર કરીને દર્શન કરાવ્યા હતા. હરિભક્તોએ સાથે મળીને સુંદર લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

(લુણાવાડા સત્સંગ સમાજ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલીયાણા**

શ્રીહરિના પ્રસાદીભૂત કાલીયાણા ગામે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી બાઈઓના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સાં. બબુબાની પ્રેરણાથી તા. ૩૦-૧૨-૧૨ ને રવિવારે ભવ્ય શાકોત્સવ હરિભક્તોએ સાથે મળી ઉજવ્યો હતો.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા સમસ્ત સત્સંગીઓએ ધનુર્માસમાં વહેલા ઠાકોરજીની આરતી, ગામમાં પ્રભાત ફેરી કરી ધૂન્ય કીર્તન કરી પ્રસાદનું વિતરણ કર્યું હતું.

તા. ૧૩-૧-૧૩ના ને રવિવારના રોજ ભાઈઓના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં સમૂહ મહાપૂજામાં ૬૦ જેટલા ભક્તોએ લાભ લીધો હતો. મહાપૂજા વિધિ શા.સ્વા. હરિકૃષ્ણદાસજીએ કરાવી હતી. સ્વામીએ ઉપદેશાત્મક કથાનો પણ લાભ આપ્યો હતો.

ઉત્તરાયણ પર્વ નિમિત્તે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા ગામમાં મહામંત્ર ધૂન્ય સાથે ઝોળી સવારે ૮ થી ૧૨ ફેરવી હતી. જેમાં શ્રધ્ધાળુ ભક્તોએ ઘઉં, ચોખા, ખિચડી, જીરૂ, ચણાદાળ, તુવેરદાળ, શુધ્ધ ઘી, ખાંડ, ગોળ અને રોકડ ભેટ આદિ મળી રૂા.૩૪૩૬૦ (વસ્તુ સાથે) અમદાવાદ મંદિરના કોઠારે પાકી પહોંચ લઈ જમા કરાવી હતી. કોઠારીશ્રી ભુદરભાઈ અને વડીલ હરિભક્તો પણ સેવામાં સક્રિય હતા.

(અરજણભાઈ મોરી)

**ઘાટલોડિયા, ચાંદલોડિયા વિસ્તારમાં ધનુર્માસની ઉજવણી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ

સ્વામિનારાયણ સત્સંગ મંડળ (ઘાટલોડિયા, ચાંદલોડિયા, સોલા) માં ધનુર્માસમાં આખો માસ વહેલી સવારે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય હરિભક્તોએ સાથે મળી કરી હતી. જુદાં જુદાં હરિભક્તોને ત્યાંથી આવતા પ્રસાદ અને ફુલહાર ઠાકોરજીને ધરાવવામાં આવતા હતા. આ મંડળ દ્વારા દર રવિવાર અને દર અગીયારસના સાંજે ૮-૩૦ થી ૧૦-૩૦ સત્સંગ સભા થાય છે. જેમાં ઉપરોક્ત વિસ્તારમાં રહેતા હરિભક્તો અને ધાર્મિક લોકોને લાભ લેવા ખાસ અનુરોધ છે.

સ્થળ : શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ સત્સંગ મંડળ
આઈ.ડી. પટેલ સ્કુલ રોડ, ગોકુલ ડેરીની બાજુમાં,
ગણેશ પાર્ક કોમ્પ્લેક્ષ, વિ-૧, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.
સંપર્ક : રમેશભાઈ પી. પટેલ (ડાંગરવા વાળા)
મો. : ૯૫૮૬૪૨૨૬૦૧

**શ્રી સ્વામિનારાયણ મંદિર લાંઘણજ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રીસ્વામિનારયણ મંદિર (બહેનોનું) લાંઘણજમાં તા. ૨૨-૧૨-૧૨ ના રોજ બહેનોની સત્સંગ શિબિર પ્રસંગે અમદાવાદથી સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. જેમના દર્શન આશીર્વાદનો લાભ લાંઘણજ અને આજુબાજુના ગામોના બહેનોએ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. અત્રે ધનુર્માસમાં આખો માસ વહેલી સવારે બહેનોએ સાથે મળી મહામંત્ર ધૂન્ય કરી હતી. (કોઠારીશ્રી)

**લેઈ, રતનપર, ઉમેદગઢ, સાચોદર ખાતે શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી તથા ઈડર મંદિરના મહંત સ્વામી સ.ગુ. જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી ઈડર દેશના લેઈ ખાતે ધામધૂમથી શાકોત્સવ ઉજવાયો હતો. લેઈ મંદિરના મહંત સ.ગુ. ભક્તિ સ્વામી તથા સત્યસંકલ્પ સ્વામી (ઈડર) એ શાકોત્સવનું આયોજન કર્યું હતું. મહંત શા. હરિજીવનદાસજી, સ.ગુ. ભક્તિ સ્વામી, શા. પી.પી. સ્વામી વગેરે સંતોએ ઈડર દેશના સત્સંગીઓને સત્સંગનો સુંદર લાભ આપ્યો હતો. સંતોએ યજમાન પરિવારને હારતોરા કરીને આશીર્વાદ પાઠવ્યા હતા. સૌએ શાકોત્સવનો દિવ્ય પ્રસાદ માણ્યો હતો.

એજ રીતે ઈડર દેશના રતનપુર, ઉમેદગઢ તથા સાચોદર ખાતે આપણા મંદિરોમાં ભવ્ય શાકોત્સવો યોજાયા હતા. જ્યાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સત્સંગીઓએ સત્સંગ તથા શાકોતસવનો લાભ લીધો હતો. શાકોત્સવના માધ્યમથી સત્સંગીઓમાં અનેરો ઉત્સાહ, સેવા ભાવના, નિયમ, નિશ્ચય અને પક્ષની દઢતા થઈ હતી.

(કોઠારી સત્યસંકલ્પદાસજી, ઈડર)

**મણીયોર મંદિરનો ૭ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી તથા મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી મણીયોર મંદિરનો ૭ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે આયોજીત ત્રિદિનાત્મક શ્રીહરિ ઐશ્વર્ય દર્શન કથા શાસ્ત્રી વિશ્વવલ્લભદાસજીના વક્તાપદે થઈ હતી. સભા સંચાલન શા. શ્રીજીપ્રકાશદાસજી (સોકલી) તથા શા. પ્રેમપ્રકાશદાસજીએ કર્યું હતું. તા. ૨૭-૧૨-૧૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે સમસ્ત ગામ દ્વારા ધામધૂમથી સામૈયુ થયું હતું. તથા મંદિરમાં ઠાકોરજીનો અભિષેક તથા અન્નકૂટની આરતી કરીને પૂ. મહારાજશ્રી સભામાં પધાર્યા હતા. યજમાનશ્રી દવાભાઈ વશરામભાઈ પટેલે પૂ. મહારાજશ્રીની ભેટ પૂજા કરી આરતી ઉતારી હતી. પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ધામોધામથી સંતો-મહંતો પધાર્યા હતા. આ પ્રસંગમાં શા. કુંજવિહારીદાસજી, ચંદ્રપ્રકાશ સ્વામી તથા ધર્મકિશોરદાસજી વગેરે સંતોએ સુંદર સેવા બજાવી હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સત્સંગ વર્ધક રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ઈડર દેશના હજારો સત્સંગીઓએ દિવ્ય લહાવો લીધો હતો. સમગ્ર મહોત્સવનું સંચાલન કોઠારી સ્વામી સત્યસંકલ્પદાસજીએ સંભાળ્યું હતું.

(સ.ગુ.શા. સ્વામી હરિજીવનદાસજી)

**કલોલ નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દ્વિતીય ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.આચાર્ય મહારાજ શ્રી ની આજ્ઞા થી એવંમ્ મહંત સ.ગુ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.શા. પી.પી.સ્વામી ની પ્રેરણાથી નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ માં દ્વિતીય ભવ્ય શાકોત્સવ નું તા. ૧૩-૧-૨૦૧૩ ના રોજ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક સભામાં કિશોર મંડળ તથા યુવાનો દ્વારા કીર્તન-ભકિત કરવામાં આવી હતી. ત્યાર બાદ પ.પૂ.મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંતો સાથે સભામાં પધાર્યા હતા. પ્રથમ યજમાનશ્રી દ્વારા પૂજન આરતી કરવામાં આવી હતી. તમામ યજમાન શ્રીઓ તેમજ મહેમાન શ્રીઓ નું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે જેતલપુર, મહેસાણા, માણસા, ઈસંડ, કાંકરીયા, કાલુપુર, નારણપુરા, જમીયતપુરા, મૂળી, મકનસર, સાપાવાડા, સાયલા, આદિ ધામોધામના સંતો પધાર્યા હતા. સભામાં પૂજ્ય પી.પી.સ્વામી (જેતલપુરધામ) એ શાકોત્સવનો મહિમા તેમજ રોટલાનો મહિમા તેમજ મંદિર નિર્માણ સેવા ની કથા કરી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રી ના વરદ્ હસ્તે શાકનો વઘાર કરી ભક્તોના જીવન ધન્ય બનાવ્યા

હતા.આ પ્રસંગે આશીર્વાદ આપતા નિયમ, નિશ્ચિય, પક્ષ અને ઉત્સવ સમૈયા કરવાનો હેતું શ્રીહરિ નો શું હતો તે સમજાવતા રૂડા આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર શાકોત્સવના મુખ્ય યજમાન પ.ભ. ડાહ્યાભાઈ મણીલાલભાઈ પટેલ હ. પંકજકુમાર કિરણભાઈ પટેલ (મોખાસણ)રહ્યાં હતા. શાકોત્સવના દર્શન કરવા ૪૦૦૦ થી વધુ હરિભક્તો એ પ્રસાદ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. આ પ્રસંગે બહેનો ની રોટલા બનાવવાની સેવા પ્રસંશનીય હતી .સમગ્ર આયોજન મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ (કલોલ મહંત) કર્યું હતું. તેમજ સભાપતિ નું સ્થાન શા.ભક્તિનંદનસ્વામી (જેતલપુરધામ)એ સંભાળ્યું હતું. (મહંત કે.પી.સ્વામી, જેતલપુરધામ)

**કોઠંબા(પંચમહાલ) ગામે યોજાયો દિવ્ય શાકોત્સવ**

પ.પૂ.આચાર્ય મહારાજ શ્રી ની આજ્ઞા થી એવમ્ સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી ની પ્રેરણાથી કોઠંબા ગામે શ્રીસ્વામિનારાયણ મંદિર દ્વારા તા.૧૨-૧-૨૦૧૩ ના રોજ શાકોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે કીર્તન-ભકિત બાદ સ.ગુ.શા.પી.પી.સ્વામી (જેતલપુરધામ) એ પધારી કથા-વાર્તા દ્વારા શાકોત્સવનો તથા રોટલાનો મહિમા સમજાવી હરિભક્તોને રાજી કર્યા હતા. સાથે સ.ગુ. શ્યામચરણદાસજી સ્વામી પણ પધાર્યા હતા. મોટી સંખ્યામાં હરિભક્તો એ શાકોત્સવનો પ્રસાદ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. આ પ્રસંગે બહેનો ની રોટલા બનાવવાની સેવા ખૂબજ મહત્વની રહી હતી.સમગ્ર આયોજન મંદિરના શ્રી ન.ના. દેવયુવક મંડળ ના યુવકો તથા હરિભક્તો એ કર્યું હતું. (શા.ભક્તિનંદનદાસજી (જેતલપુરધામ), શ્રી ન.ના.દેવ યુવક મંડળ કોઠંબા)

**આદિશ્વરનગર નરોડા શ્રીસ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ**

પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સ.ગુ. શા. સ્વા.આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ મંદિર આદિશ્વરનગર નરોડા માં તા. ૨૩-૧૨-૨૦૧૨ ના રોજ આઠમાં શાકોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે કીર્તન-ભકિત બાદ જેતલપુરધામ થી સ.ગુ. શા. આત્મપ્રકાશદાસજી સ્વામી તથા શ્યામચરણદાસજી સ્વામી, શા. ભક્તિનંદનદાસ સ્વામી, જમીયતપુરાથી શા. ઘનશ્યામપ્રકાશદાસજી, કાલુપુર થી શા.સ્વા. જગતપ્રકાશદાસજી, સ.ગુ. બળદેવપ્રસાદ સ્વામી, હરિજીવનસ્વામી આદિ સંતોએ પધારી કથા-વાર્તા દ્વારા શાકોત્સવનો મહિમા સમજાવી હરિભક્તોને રાજી કર્યા હતા. મોટી સંખ્યામાં હરિભક્તો એ શાકોત્સવનો પ્રસાદ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. આ પ્રસંગે બહેનો ની સેવા ખૂબજ પ્રસંશનીય રહી હતી.સમગ્ર આયોજન શ્રી ન.ના.દે.યુવક મંડળ તથા કોઠારી પ.ભ. નવિનભાઈ એ કર્યું હતું. (શા.ભક્તિનંદન સ્વામી (જેતલપુરધામ) શ્રી ન.ના.દેવ યુવક મંડળ)

**અડાલજ ગામે યોજાયો દિવ્ય શાકોત્સવ**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સ.ગુ. શા. સ્વામી વિજયપ્રકાશદાસજી ની પ્રેરણાથી અડાલજ શ્રીસ્વામિનારાયણ મંદિર દ્વારા તા.૨૫-૧૨-૨૦૧૨ ના રોજ આઠમાં શાકોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે કીર્તન-ભકિત બાદ જેતલપુરધામ થી શા.ભક્તિનંદનદાસ સ્વામી, ભુજ થી પુરાણી સ્વામી વિશ્વજીવન સ્વામી આદિ સંતોએ પધારી કથા-વાર્તા દ્વારા શાકોત્સવનો મહિમા સમજાવી હરિભક્તોને રાજી કર્યા હતા. મોટી સંખ્યામાં હરિભક્તોએ શાકોત્સવનો પ્રસાદ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું.આ પ્રસંગે બહેનો ની સેવા ખૂબજ મહત્વની રહી હતી.સમગ્ર આયોજન શ્રી ન.ના.દેવ યુવક મંડળ તથા પૂજારી દિનેશ ભગતે કર્યું હતું. (પૂજારી દિનેશ ભગત અડાલજ)

**ટ્રેન્ટ ગામે યોજાયો દિવ્ય શાકોત્સવ**

પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા થી એવમ્ સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ મંદિર ટ્રેન્ટ માં તા. ૩૦-૧૨-૨૦૧૨ ના રોજ શાકોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઠાકોરજીની સમૂહ મહાપૂજા, ત્યારબાદ કીર્તન-ભકિત તેમજ જેતલપુરધામ થી સ.ગુ.વિશ્વપ્રકાશ સ્વામી, મકનસર થી શા. હરિપ્રકાશદાસજી આદિ સંતોએ પધારી કથા-વાર્તા દ્વારા શાકોત્સવનો મહિમા સમજાવી હરિભક્તોને રાજી કર્યા હતા. પાટડી, વિરમગામ થી પણ સાં.યો.બહેનો પધાર્યા હતા.મોટી સંખ્યામાં હરિભક્તોએ શાકોત્સવનો પ્રસાદ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. આ પ્રસંગે બહેનો ની સેવા ખૂબજ પ્રસંશનીય હતી.સમગ્ર આયોજન હરિભક્તો એ તથા કોઠારી પ.ભ.રમેશભાઈ અને પ.ભ. ગોવિંદભગતે કર્યું હતું. (શા.ભક્તિનંદન સ્વામી (જેતલપુરધામ)તથા વિષ્ણુભાઈ ટ્રેન્ટ)

**નાનાઉભડા ગામે યોજાયો પ્રથમ ભવ્ય શાકોત્સવ**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા થી એવમ્ સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ મંદિર નાના ઉભડા માં તા. ૪-૧-૨૦૧૩ ના રોજ પ્રથમ શાકોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક સભામાં યુવાનો દ્વારા કીર્તન-ભકિત કરવામાં આવી હતી. ત્યાર બાદ જેતલપુરધામ થી સ.ગુ.પી.પી.સ્વામી એ મહારાજની લીલા ની

કથા કરી હતી. આ પ્રસંગે જેતલપુર, મહેસાણા, માણસા, કાલુપુર, નારણપુરાથી મોટી સંખ્યામાં સંતો પધાર્યા હતા. અને પાટડી, વિરમગામ થી સાં.યો.બહેનો પધાર્યા હતા. અંતે શાક નો વઘાર કરી લોયાની લીલાને યાદ કરી જીવન ધન્ય બનાવ્યું હતું. સમગ્ર શાકોત્સવના યજમાન પ.ભ. પટેલ બચુભાઈ પ્રિતમભાઈ(કોઠારી) સુપુત્રો પ.ભ.જશુભાઈ તથા દિનેશભાઈ રહ્યાં હતા. આ પ્રસંગે બહેનો ની સેવા ખૂબજ મહત્વની રહી હતી. ગામોગામથી ભક્તોએ દર્શન કરી તેમજ પ્રસાદ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. સમગ્ર આયોજન શા. ભક્તિનંદન સ્વામી (જેતલપુરધામ)એ કર્યું હતું. (શા.ભક્તિનંદન સ્વામી (જેતલપુરધામ)તથા દિનેશભાઈ પટેલ નાના ઉભડા)

**નારાયણનગર (જેતલપુર દેશ) ગામે યોજાયો દિવ્ય શાકોત્સવ**

પ.પૂ .આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા થી એવમ્ સ.ગુ. સ્વામી શ્યામચરણદાસજી ની પ્રેરણાથી નારાયણનગર (જેતલપુર દેશ) શ્રીસ્વામિનારાયણ મંદિર દ્વારા તા.૫-૧-૨૦૧૩ ના રોજ શાકોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે કીર્તન-ભકિત બાદ જેતલપુરધામ થી સ.ગુ.શા. પી.પી.સ્વામી, સ.ગુ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, મહંત સ્વામી કે.પી.સ્વામી, શા.ભક્તિવલ્લભસ્વામી આદિ સંતોએ પધારી કથા-વાર્તા દ્વારા શાકોત્સવનો મહિમા સમજાવી હરિભક્તોને રાજી કર્યા હતા. મોટી સંખ્યામાં હરિભક્તો એ શાકોત્સવનો પ્રસાદ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું.આ પ્રસંગે બહેનો ની સેવા ખૂબજ મહત્વની રહી હતી. સમગ્ર આયોજન કોઠારી પ.ભ.હિતેશભાઈ તથા યુવક મંડળે કર્યું હતું.

(કે.પી.સ્વામી, મહંતશ્રી જેતલપુરધામ)

**વસઈ-ડાભલા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ**

પ.પૂ .આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા થી એવમ્ અ.નિ.સ.ગુ. શા.સ્વા. અર્જુનપ્રસાદસ્વામી તથા અ.નિ.સ.ગુ.સ્વા. નરહરિપ્રસાદદાસજી ના આર્શીવાદ થી તેમજ સ.ગુ.શા.સ્વામી આત્મપ્રકાશદાસજી ની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ મંદિર વસઈ-ડાભલા માં તા.૬-૧-૨૦૧૩ના રોજ ભવ્ય શાકોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પ્રથમ ઠાકોરજીની શોભાયાત્રા નગર માં ફેરવવામાં આવી હતી. ત્યાર બાદ ઠાકોરજી અને સંતોની પધરામણી સભા મંડપમાં વાજતેગાજતે થઈ હતી.સભા માં કીર્તન-ભકિત બાદ જેતલપુરધામ થી સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી સ્વામી તથા જમીયતપુરાથી શા. ઘનશ્યામપ્રકાશદાસજી તેમજ મહેસાણા, કલોલ, મકનસર, જેતલપુર, માણસા, મૂળી, આદિ ધામોથી સંતોએ પધારી કથા-વાર્તા દ્વારા શાકોત્સવનો મહિમા સમજાવી હરિભક્તોને રાજી કર્યા હતા.શાકોત્સવના મુખ્ય યજમાન પ.ભ.ચાવડા વિક્રમસિંહ નારાયણસિંહ તથા તમામ યજમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.અંતે ૪૦ મણ રીંગણનો વઘાર સંતોએ કરી લોયાની લીલાને યાદ કરવામાં આવી હતી. અંદાજે ૮ હજાર થી વધુ હરિભક્તો એ શાકોત્સવનો પ્રસાદ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું.આ પ્રસંગે બહેનો ની સેવા પ્રેરણાત્મક રહી હતી.તો યુવાનો ની સેવા પ્રસંશનીય હતી. સભાપતિ નું સ્થાન શા. ભક્તિનંદન સ્વામી તથા શા.હરિપ્રકાશદાસજી એ શોભાવ્યું હતું.સમગ્ર આયોજન ગામના યુવકો તથા શ્રીન.ના.દેવ યુવક મંડળે કર્યું હતું. (શા.ભક્તિનંદન સ્વામી (જેતલપુરધામ)તથા યુવક મંડળ વસઈ)

**માણેકપુર શ્રી સ્વામિનારાયણ મંદિર (ચૌધરી) માં પંચમ શાકોત્સવ**

પ.પૂ. આચાર્ય મહારાજ શ્રી ની આજ્ઞાથી શ્રીસ્વામિનારાયણ મંદિર માણેકપુર ખાતે તા. ૭-૧-૨૦૧૩ ના રોજ પંચમ શાકોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક સભામાં શ્રી ન.ના.દેવ યુવક મંડળના યુવાનો દ્વારા કીર્તન-ભકિત કરવામાં આવી હતી.ત્યાર બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંતો સાથે સભામાં પધાર્યા હતા. પ્રથમ યજમાનશ્રી દ્વારા પૂજન આરતી કરવામાં આવી હતી. તમામ યજમાનશ્રીઓ તેમજ મહેમાનશ્રીઓ નું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં અંદાજે ૪૫થી વધુ સંતોએ હાજરી આપી હતી. જેમાં જેતલપુર, મહેસાણા, માણસા, ઈસંડ, કાંકરિયા, કાલુપુર, નારણપુરા, જમીયતપુરા, કલોલ, મૂળી, મકનસર, ધોળકા, સાપાવાડા, સાયલા, આદિ ધામોથી સંતો પધાર્યા હતા. પૂજ્ય પી.પી. સ્વામી (જેતલપુરધામ) એ શાકોત્સવનો મહિમા તેમજ રોટલાનો મહિમા સમજાવ્યો હતો .પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એ આ પ્રસંગે આશીર્વાદ આપતા નિયમ, નિશ્ચય, પક્ષ અને ઉત્સવ સમૈયા કરવાનો હેતું શ્રી હરિ નો શું હતો તે સમજાવતા રૂડા આશીર્વાદ આપ્યા હતા. અંતે પ.પૂ. આચાર્ય મહારાજ શ્રી એ શાક નો વઘાર કરી ભક્તોના જીવન ધન્ય બનાવ્યા હતા. સમગ્ર શાકોત્સવના મુખ્ય યજમાન પ.ભ. ચૌધરી લીલાબેન રામાભાઈ (આમજાવાળા) રહ્યાં હતા. શાકોત્સવના દર્શન કરવા ૯૦૦૦ થી વધુ હરિભકતો એ પ્રસાદ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું.આ પ્રસંગે બહેનો ની સેવા પ્રેરણારૂપ હતી. સમગ્ર આયોજન શા. ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા) એ કર્યું હતું. તેમજ સભાપતિ નું સ્થાન શા.ભક્તિનંદનસ્વામી (જેતલપુરધામ)એ સંભાળ્યું હતું. (કોઠારી ચૌધરી રમેશભાઈ તથા ચૌધરી જગદીશભાઈ -માણેકપુર)

## શિયાળ (નળકંઠો દેશ) ગામે યોજાયો દિવ્ય શાકોત્સવ

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સ.ગુ. મહંત સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.શા. પી.પી.સ્વામીની પ્રેરણાથી શિયાળ (નળકંઠો દેશ) શ્રીસ્વામિનારાયણ મંદિર દ્વારા તા.૧૦-૧-૨૦૧૩ ના રોજ દર વર્ષની જેમ આ વર્ષે પણ શાકોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.નાનું ગામ સત્સંગ નાનો બળ મોટું તેમ ૬ મણ રીંગણ ના શાક નો વઘાર જેતલપુરધામ ના સંતો દ્વારા કરવામા આવ્યો હતો.આ પ્રસંગે બાળ મંડળ દ્વારા કીર્તન-ભકિત બાદ સ.ગુ. સ્વા. શ્યામચરણદાસજી, શા. ભક્તિવલ્લભસ્વામી , શા.ભક્તિનંદનદાસજી એ કથા-વાર્તા દ્વારા શાકોત્સવનો મહિમા સમજાવી હરિભક્તોને રાજી કર્યા હતા. મોટી સંખ્યામાં હરિભક્તો એ શાકોત્સવનો પ્રસાદ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું.આ પ્રસંગે બહેનો ની રોટલા બનાવવાની સેવા પ્રેરણાત્મક હતી.સમગ્ર આયોજન સમસ્ત સત્સંગીઓએ કર્યું હતું.(શા. ભક્તિનંદનસ્વામી તથા અરવિંદભાઈ (શિયાળ)

## બાલવા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા ૮ મી સપ્તાહ પારાયણ

પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી એવમ્ સ.ગુ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.શા. પી.પી.સ્વામી ની પ્રેરણાથી શ્રીનરનારાયણ દેવ ગાદીના સંરક્ષક શુરવીર સંત અ.નિ.સ.ગુ.શા.સ્વા. મુકુંદજીવનદાસજી જેવા સમર્થ સંતોની જન્મ ભૂમિમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા આયોજીત પવિત્ર ધર્નુમાસમાં ૮ (આઠમાં) જ્ઞાનયજ્ઞ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન તા. ૨૪-૧૨ ૨૦૧૨ થી ૩૦-૧૨-૨૦૧૨ સુધી કરવામાં આવ્યું હતું. જેના વક્તા પદે સ.ગુ.શા. ઉત્તમચરણદાસજી ગુરુ અ.નિ.સ.ગુ. પુરાણી સ્વામી ઘનશ્યામજીવનદાસજી (ભુજ-કચ્છ) તથા સંહિતા પાઠના વક્તા શા.ઉતમપ્રિયદાસજી (મહેસાણા)એ બિરાજી પોતાની આગવી શૈલીમાં સંગીતના સુર સાથે સંપન્ન થઈ હતી. તા. ૨૪-૧૨ ના રોજ પ્રથમ પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી ની શોભાયાત્રા તથા પોથીયાત્રા પ.ભ. જેશીંગભાઈ લાલાભાઈ ચૌધરીના ઘરેથી સભા મંડપ માં વાજતે ગાજતે સંપન્ન થઈ હતી.પ.પૂ. આચાર્ય મહારાજ શ્રીનું પૂજન તથા વક્તાશ્રીનું પૂજન યજમાન પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એ દીપ પ્રાગટ્ય કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા.૨૯-૧૨ ના રોજ કથામાં દર્શન આપવા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. અ.સૌ.ગાદીવાળાશ્રી તથા પ.પૂ. શ્રીરાજા એ પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બાળમંડળે તથા યજમાનશ્રી ના પૌત્ર જય બકાભાઈ ચૌધરી એ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન કર્યું હતું. તા. ૩૦-૧૨ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા ને તેમના વરદ્ હસ્તે મંદિરમાં ઠાકોરજીનો મહાઅભિષેક તથા અન્નકૂટ આરતી કરવામાં આવી હતી.આ પ્રસંગે પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી બહેનોને દર્શન આપવા પધાર્યા હતા. સભામાં પ.પૂ.મોટા મહારાજશ્રી એ કથાની પૂર્ણાહુતિ તથા વક્તાશ્રીનું પૂજન કર્યું હતું.યજમાન પ.ભ. બકાભાઈ જેશંગભાઈ ચૌધરીએ પ.પૂ. મોટા મહારાજ શ્રીનું પૂજન કર્યું હતું. પ.પૂ. મોટા મહારાજશ્રીએ બાલવા ગામના ભક્તોને શ્રી ન.ના.દેવ ગાદી ને વફાદાર રહેવાનું તથા નિયમ, પક્ષ ની વાત કરી માર્મિક ટકોર સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.આ પાવનકારી પ્રસંગે ધામોધામથી સંતોએ પધારી પોતાના ઉદ્ગારો રજુ કર્યા હતા. જેમાં જેતલપુર, ગાંધીનગર, કાલુપુર, માણસા, કલોલ, કાંકરિયા, નારાયણપુરા, સાયલા, મકનસર, મૂળી, રતનપર, જમીયતપુરા, આદિ ધામોથી સંતો પધાર્યા હતા. કથા પ્રસંગમાં આવતા તમામ પ્રસંગો ધામધૂમથી ઉજવવામાં આવ્યા હતા. આવતા ૯ (નવમાં) જ્ઞાનયજ્ઞ ની પણ જાહેરાત કરવામાં આવી હતી.આ પ્રસંગે શ્રી ન.ના.દેવ યુવક મંડળની સેવા ખૂબજ પ્રસંશનીય હતી તથા બાળમંડળ ની સેવા મહત્વની રહી હતી. સમગ્ર આયોજન જેતલપુરધામ ના સંતોએ કર્યું હતું તથા સભાપતિ નું સ્થાન શા.ભક્તિનંદનસ્વામી(જેતલપુર)એ સંભાળ્યું હતું. અંદાજે ૧૫૦૦૦ હજાર હરિભક્તો એ તથા સમસ્ત બાલવા ગામે પ્રસાદ ગ્રહણ કરી ધન્યભાગી થયા હતા. (મહંત શ્રી કે.પી.સ્વામી-જેતલપુરધામ, અમૃતભાઈ ચૌધરી -બાલવા)

## કોચરબ (અમદાવાદ) માં ઉજવાયો સુવર્ણ જયંતી પાટોત્સવ મહોત્સવ

પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી એવમ્ મહંત સ.ગુ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.શા. પી.પી. સ્વામી ની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ મંદિર કોચરબ અમદાવાદમાં હરિમંદિરમાં બિરાજતા અર્ચાવતાર ઘનશ્યામ મહારાજનો ૫૦મો વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ સુવર્ણજયંતી મહોત્સવ સમસ્ત હરિભક્તોના તન-મન-ધન ના સહયોગથી ખૂબ જ ધામ ધૂમથી તા. ૨૫-૧૨-૨૦૧૨ થી ૨૯-૧૨-૨૦૧૨ ના રોજ ઉજવાયો.જેમાં શ્રીમદ્ભાગવત પંચાહ્પારાયણ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે શા. ઘનશ્યામપ્રકાશદાસજી (જમીયતપુરા)એ બિરાજી કથા શ્રવણ કરાવ્યું હતું. તા. ૨૭-૧૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે તેઓશ્રીનું પૂજન મહોત્સવના મુખ્ય

યજમાન પ.ભ. અંબાલાલ લલ્લુભાઈ પટેલ અને સુમનભાઈ શકરચંદભાઈ પટેલે કર્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એ સભા માં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.આ પ્રસંગે મહાવિષ્ણુયાગ નું પણ આયોજન કર્યું હતું. તા.૨૯-૧૨ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે નિજ મંદિરમાં ઠાકોરજી નો અભિષેક તથા અન્નકૂટ આરતી તથા મહાવિષ્ણુયાગની પૂર્ણાહુતિના દર્શન ભાવિક ભક્તોએ કર્યા હતા.સભામાં કથાનું સમાપન, વક્તાશ્રીનું પૂજન, પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન પ.ભ. ધિરજલાલ ચુનીલાલ પટેલ પરિવારે કર્યું હતું. અમદાવાદ, જેતલપુર, માણસા, મકનસર, કલોલ, મહેસાણા આદિ ધામોધામથી સંતો-મહંતો આ પ્રસંગે પધારી પોતાના હૃદયના ઉદ્ગારો રજુ કર્યા હતા.યશશ્વી યજમાનશ્રીઓનું સન્માન પ.પૂ. મોટા મહારાજશ્રી ના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. પ.પૂ. મોટા મહારાજશ્રી એ અંતમાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર આયોજન જેતલપુરધામ ના સંતો તથા વિશ્વપ્રકાશસ્વામી(કલોલ) તથા સભાપતિનું સ્થાન શા.હરિપ્રકાશદાસજી(મકનસર)એ સંભાળ્યું હતું. કોચરબ ના યુવકોની સેવા પ્રેરણારૂપ રહી હતી. અંતે ભક્તોએ મહાપ્રસાદ ગ્રહણ કરી જીવનને ધન્યભાગી બનાવ્યું હતું. (સ્વામી શ્યામચરણદાસજી, શા. ભક્તિનંદનસ્વામી જેતલપુરધામ)

**જેતલપુરમાં શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં ધૂન્ય**

મહાપ્રતાપી શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં તેમજ બ્રહ્મનિષ્ઠ સંતો અને હજારો હરિભક્તો, બાળકો, યુવાનોની ઉપસ્થિતિમાં તા. ૧૬ ડિસેમ્બર થી પવિત્ર ધનુર્માસમાં શ્રીસ્વામિનારાયણ મહામંત્રની ધૂન્યમાં ઘનશ્યામભૂવન ખીચોખીચ ભરાઈ જતો હતો. બહાર ગામના ભક્તો પણ ધૂન નો લાભ લેવા આવતા હતા. ઠાકોરજી ના શણગાર પૂજારી બ્રહ્મચારી પૂર્ણાનંદજી સ્વામીએ કરી ને ભક્તોને મંત્રમુગ્ધ કરી દીધા હતા જે પ્રસંશનીય છે. તથા પૂનમના વહેલી સવારે પ.પૂ. મોટા મહારાજશ્રીએ પણ પધારીને દર્શનનું સુખ આપ્યું હતું. સ.ગુ.શા. મહંત સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામીના માર્ગદર્શન મુજબ તથા સમગ્ર વ્યવસ્થા તથા સેવા મહંત કે.પી.સ્વામી, વડીલ શ્યામસ્વામી તેમજ સંતમંડળે કરી હતી. (ભંડારી કાન્તિભાઈ, વિદ્યાર્થી સંદિપ ભગત, જેતલપુર)

**માણસા શ્રીસ્વામિનારાયણ મંદિર દ્વારા ઉજવાયો શાકોત્સવ**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રીસ્વામિનારાયણ મંદિર માણસા દ્વારા તા. ૫-૧-૨૦૧૩ ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક સભામાં શ્રી ન.ના.દેવ યુવક મંડળ દ્વારા કીર્તન-ભકિત કરવામાં આવી હતી. ત્યાર બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ શ્રી સંતો સાથે સભામાં પધાર્યા હતા. પ્રથમ યજમાનશ્રી દ્વારા પૂજન આરતી કરવામાં આવી હતી. તમામ યજમાનશ્રીઓ તેમજ મહેમાન શ્રીઓ નું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે ધામોધામથી સંતો પધાર્યા હતા. જેમાં જેતલપુર, ઈસંડ, કાલુપુર, જમીયતપુરા, કલોલ, મૂળી અને મકનસર થી સંતો પધાર્યા હતા. પૂજ્ય પી.પી. સ્વામી (જેતલપુરધામ) એ શાકોત્સવના મહિમા ની કથા કરી હતી.પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એ આ પ્રસંગે રૂડા આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજ શ્રી એ શાક નો વઘાર કરી ભક્તોના જીવન ધન્ય બનાવ્યા હતા. સમગ્ર શાકોત્સવના મુખ્ય યજમાન પ.ભ.શેઠશ્રી નારાયણભાઈ ઈશ્વરભાઈ પટેલ(નારાયણ ફાર્મવાળા) હતા.શાકોત્સવના દર્શન કરવા ૯૦૦૦ થી વધુ હરિભકતો એ પ્રસાદ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું.આ પ્રસંગે બહેનો ની રોટલા બનાવાની સેવા ખૂબજ પ્રસંશનીય હતી.સમગ્ર આયોજન શા. ઘનશ્યામપ્રકાશદાસજી (મહંતશ્રી માણસા) એ કર્યું હતું. તેમજ સભાપતિ નું સ્થાન શા. ભક્તિનંદનસ્વામી (જેતલપુરધામ) તથા શા.હરિપ્રકાશદાસજી (મકનસર મહંતશ્રી) એ સંભાળ્યું હતું. શ્રી ન.ના.દેવ યુવક મંડળની સેવા પણ પ્રસંશનીય હતી. (કોઠારી ચન્દ્રપ્રકાશ સ્વામી, વિદ્યાર્થી જય પટેલ માણસા)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવમ્ સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુરધામના મહંત સ.ગુ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી અત્રેના મહંત સાધુ ભક્તવત્સલદાસના માર્ગદર્શનથી ધનુર્માસમાં આખો મહિનો શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન શ્રીઘનશ્યામ મહારાજ સમક્ષ કરવામાં આવી હતી. (કોઠારી વંદનપ્રકાશદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રતનપર**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને અત્રેના વયોવૃદ્ધ સંત સ્વામી નરનારાયણદાસજીની પ્રેરણાથી ધનુર્માસમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય સંત હરિભક્તોએ કરી હતી. કે.પી. સ્વામીએ શ્રી શિક્ષાપત્રી ભાષ્યની કથામાં ધર્મકુળનું માહાત્મય સમજાવ્યું હતું. ઉત્તરાયણના નાના સત્સંગી બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. કાળુ ભગતે સુંદર આયોજન કર્યું હતું. (કોઠારીશ્રી)

**જામસર (હાલાર) ગામે યોજાયો દિવ્ય શાકોત્સવ**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા થી એવમ્ સ.ગુ. શા. સ્વામી નારાયણપ્રસાદદાસજી (પૂર્વ મહંત મૂળી)ની પ્રેરણાથી જામસર શ્રીસ્વામિનારાયણ મંદિર દ્વારા તા.૪-૧-૨૦૧૩ ના રોજ ભવ્ય શાકોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કીર્તન-ભક્તિ બાદ મકનસર મંદિર ના મહંત સ.ગુ.શા. સ્વામી હરિપ્રકાશદાસજી તથા જેતલપુરધામ થી શા.સ્વામી ભક્તિનંદનદાસજી એ પધારી કથા-વાર્તા દ્વારા શાકોત્સવનો મહિમા સમજાવી હરિભક્તોને રાજી કર્યા હતા. મોટી સંખ્યામાં હરિભક્તો એ શાકોત્સવનો પ્રસાદ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. આ પ્રસંગે બહેનો ની સેવા ખૂબજ સુંદર રહી હતી.સમગ્ર આયોજન મંદિરના યુવકો તથા હરિભક્તો એ કર્યું હતું. (પાર્ષદ દિવ્યેશભગત, મકનસર)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો (આઈ.એસ.એસ.ઓ.)**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગની અનેક વિધ પ્રવૃત્તિ પૈકી ધનુર્માસ, મકર સંક્રાંતિ-ઉત્તરાયણ પ્રસંગે વિધિવત રીતે ઉત્સવો ઉજવાયા હતા.

ધનુર્માસમાં વહેલી સવારે કડકડતી ઠંડીમાં પણ હરિભક્તો ધૂન્યમાં લાભ લેવા આવતા હતા. સાથે કથા વાર્તા અને પ્રસાદનો પણ લાભ લેતા હતા. પૂજારી સ્વામી શાંતિપ્રસાદદાસજીએ કથાનું રસપાન અને ઉત્તરાયણના દિવસે (સાંજની સભામાં) શ્રી દિનેશભાઈ જોશી આદિએ ઝોળી ફેરવી હતી. (વસંત ત્રિવેદી)

**વોશિંગ્ટન ડી.સી. શ્રી સ્વામિનારાયણ મંદિર (આઈ.એસ.એસ.ઓ.)**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અત્રે આપણા મંદિરમાં ડિસેમ્બર માસની ૧૮, ૧૫ અને ૨૨ તારીખે અને ૧૦, ૨૪ એ ૨૮ તારીખે (અગીયારસ-પૂનમ) સત્સંગ સભા થઈ હતી. જેમાં વચનામૃત (૨૭૩) વાચન, જનમંગલ પાઠ અને થાળ-આરતી અને સાથે મળી નિયમ કર્યા હતા. તા. ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ ડિસેમ્બરના આપણા ચેરીહિલ મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી એન.એન.ડી.વાય.એમ. બાળકોની શિબિર યોજાઈ તેમાં અત્રે મંદિરમાંથી ૧૫ બાળકોએ ભાગ લીધો હતો. (કનુભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લોસએંજલસ (આઈ.એસ.એસ.ઓ.)**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી આપણા એલ.એ. શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સંત-હરિભક્તો દ્વારા તા. ૩૧-૧૨-થી તા. ૧-૧-૧૩ પર્યન્ત ૨૪ કલાકની અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય યોજવામાં આવી હતી.

૧ જાન્યુઆરીના નૂતન વર્ષના ૪૦૦ જેટલા હરિભક્તોએ જપયજ્ઞનો લાભ લીધો હતો. ૪૦ જેટલા ભાઈ બહેનોએ તો સતત ૨૪ કલાક ધૂનમાં લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું. આપણા નવા નિયુક્ત પ્રેસિડેન્ટ પ.ભ. દેવરાજભાઈ કેરાઈ અને કોઠારી ભક્તિભાઈએ ખૂબજ ભક્તિભાવપૂર્વક ધૂનમાં બેસનાર હરિભક્તોને ત્રણ ટાઈમ મહાપ્રસાદ, નાસ્તો અને દૂધ પાણીની સુંદર વ્યવસ્થા કરી હતી. મહા પ્રસાદના યજમાન શ્રી રસિકભાઈ પરીખ રહ્યાં હતા. જપયજ્ઞમાં નાના બાળકોથી લઈ વડીલો પણ જોડાયા હતા. અન્ય રસોડાની સેવામાં યુવાન ભાઈ-બહેનોએ સુંદર સેવા બજાવી હતી.

(દેવરાજભાઈ કેરાઈ, પ્રેસિડેન્ટ એલ.એ. મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન (ટેકસાસ) (આઈ.એસ.એસ.ઓ.)માં મકર સંક્રાંતિ અને ધનુર્માસ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ થી તથા મહંત સ્વામી દિવ્યપ્રકાશદાસજી તથા પૂજારી ઘનશ્યામચરણદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન ખાતે ૧૨ જાન્યુઆરી રવિવાર સાંજના ઝોળીપર્વની ઉજવણી થઈ હતી. ધનુર્માસ આખો મહિનો મહામંત્ર ધૂન વહેલી સવારના કરવામાં આવી હતી. મહંત સ્વામીએ સભામાં કથા વાર્તા કરીને કીર્તન ભક્તિ કરી હતી. ઉત્તરાયણ અને મકર સંક્રાંતિનું માહાત્મ્ય કહ્યું હતું. આ પ્રસંગ ઠાકોરજીનું સિંહાસન રંગબેરંગી પતંગો દ્વારા બેનમૂન રીતે શણગાર્યું હતું. દરેક હરિભક્તોએ સમૂહમાં જનમંગલ પાઠ કરી દર્શન કરી ધન્ય બન્યા હતા.

(મહંત સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા (આઈ.એસ.એસ.ઓ.)**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા ખાતે મહંત શા. સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી તથા સ્વામી નરનારાયણદાસજીની પ્રેરણાથી ઉત્તરાયણ પર્વ નિમિત્તે મહાપૂજા તથા સત્સંગ સભા કરવામાં આવી હતી. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. નરનારાયણ સ્વામીએ ઝોળી પર્વના દાનનું માહાત્મ્ય કહ્યું હતું. છેલ્લે સમૂહમાં જન મંગલ પાઠ અને સેવા કરનાર હરિભક્તોનું સન્માન કરવામાં આવ્યું હતું.

(પ્રવિણ શાહ)

# અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| આસો સુદ-૫ | વાલજીભાઈ (ડ્રાયફ્રૂટ હલવો) (હ. કે.પી. સ્વામી) | માંડવી-કચ્છ |
| કારતક સુદ-૫ | મધુસુદન સ્પેશીયલ સેકશન (મોતૈયા લાડુ) (હ. પ.ભ. કરનશભાઈ રાઘવાણી) | અમદાવાદ |
| કારતક સુદ-૫ | પ્રશાંતકુમાર ચંદુભાઈ સોની (મોતૈયા લાડુ) (હ. સ્વાતિબેન પ્રશાંતકુમાર) | અમદાવાદ |
| કારતક સુદ-૫ | રતિલાલ માવજી ગોરસીયા (મગશ) (હ. સ્વામી વિશ્વવિહારીદાસજી) | માધાપર-કચ્છ |
| કારતક સુદ-૫ | અરવિંદભાઈ માવજી ગોરસીયા (સુખડી) (હ. સ્વામી વિશ્વવિહારીદાસજી) | માધાપર-કચ્છ |
| કારતક સુદ-૭ | કોઠારી સ્વામી નંદકિશોરદાસજીની સ્મૃતિમાં (મૈસુબ) (હ. શા.સ્વા ઘનશ્યામપ્રકાશદાસજી) | વડતાલ |
| કારતક સુદ-૭ | મહાદેવભાઈ ચતુરભાઈ પટેલ (ચુરમાના લાડુ) (હ. ડાહ્યાભાઈ કાલીયાણા) | જરવલા |
| કારતક સુદ-૮ | શ્રીજી મહિલા મંડળ (અડદિયો) | મુંબઈ |
| કારતક સુદ-૮ | વિશ્રામ લાલજી પાધરા | સુખપુર-કચ્છ |
| કારતક સુદ-૧૦ | કરશનભાઈ મનજી હિરાણી (કાજુ-બદામ મૈસુબ) (હ. જે.પી. સ્વામી) | રામપર વેકરા |
| કારતક સુદ-૧૦ | અ.નિ. કુરજીભાઈ રામજીભાઈ રાબડીયા, અ.નિ. કુવરજીભાઈ (કાજુ-બદામ મૈસુબ) | બળદીયા-કચ્છ |
| કારતક સુદ-૧૧ | સ્વામી વિજયપ્રકાશદાસ ગુરુ સ્વામી દેવચરણદાસજી (દુધીનો હલવો) | અમદાવાદ |
| કારતક સુદ-૧૨ | માયાબેન ઘનશ્યામભાઈ ભાવસાર (દુધપાકપુરી) | મુંબઈ |
| કારતક સુદ-૧૨ | હરિ અમિત ધીયા (બુંદીના લાડુ) (હ. ઘનશ્યામભાઈ) | |
| કારતક સુદ-૧૨ | પટેલ એન્ડ પટેલ ઓટો ટ્રેડ સેન્ટર (સાટા) | અમદાવાદ |
| કારતક સુદ-૧૨ | મૈત્રી વિષ્ણુભાઈ પટેલ (મોહનથાળ) (હ. ધર્મસ્વરૂપ સ્વામી) | અમદાવાદ |
| કારતક સુદ-૧૨ | વસંતીબેન વિનોદચંદ્ર ઠક્કર (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| કારતક સુદ-૧૨ | પ્રમુખભાઈ ઈશ્વરભાઈ પટેલ (બુંદીના લાડુ) (હ. બ્ર. રાજુ સ્વામી) | અમદાવાદ |
| કારતક સુદ-૧૩ | જયંતીભાઈ કેશવલાલ સોની (દુધપાક પુરી) | અમદાવાદ |
| કારતક સુદ-૧૪ | કરશનભાઈ મનજી હિરાણી (અડદીયો) (હ. જે.પી. સ્વામી) | ગાંધીધામ-કચ્છ |
| કારતક સુદ-૧૪ | ભરતભાઈ માણેકલાલ પટેલ (મૈસુબ) (હ. રસિકભાઈ) | મોખાસણ |
| કારતક સુદ-૧૫ | રામજી દેવજી રાજાણી (ચુરમાના લાડુ) | રામપર વેકરા-કચ્છ |
| કારતક વદ-૧ | સોની મહેન્દ્રભાઈ મુલચંદભાઈ (ઘારી) | અમદાવાદ |
| કારતક વદ-૧ | અ.નિ. ચંચળબેન નટવરલાલ પરમાર (મગશ) | અમદાવાદ |
| કારતક વદ-૧ | વિજયભાઈ (ઘારી) (હ. રમેશભાઈ કોન્ટ્રાકટર) | મુંબઈ |
| કારતક વદ-૨ | જયસુખભાઈ ત્રિકમભાઈ રફાળીયા (મગસ) | અમદાવાદ |
| કારતક વદ-૨ | લાલજી દેવરાજ ભુડીયા (મગસ) | ફોટડી-કચ્છ |
| કારતક વદ-૪ | લલીતાબેન ભગવાનદાસ (મગસ) (હ. હરિસ્વરૂપ સ્વામી) | ખેરવા |
| કારતક વદ-૪ | પટેલ શાંતાબેન પરસોતમદાસ (કાજુ-બદામ મૈસુબ) (હ. વિષ્ણુભાઈ પરસોતમદાસ) | કરજીસણ |
| કારતક વદ-૪ | રણછોડભાઈ મોહનદાસ પટેલ (કાજુ-બદામ મૈસુબ) (હ. ભરતભાઈ) | રાણીપ |
| કારતક વદ-૫ | અમરતલાલ નારણદાસ પટેલ (મોહનથાળ) (હ. પરમેશ્વર સ્વામી) | અમદાવાદ |
| કારતક વદ-૫ | ભેરારામ સમરતાજી (મોહનથાળ) | વાલી |
| કારતક વદ-૫ | પટેલ અલકાબેન દીપકકુમાર (ચુરમાના લાડુ) | ભટાસણ |
| કારતક વદ-૭ | દિવ્યાંગ અમૃતભાઈ પટેલ (કાજુ-બદામ મૈસુબ) (હ. જે.પી. સ્વામી) | વિહારવાળા |
| કારતક વદ-૯/૧૦ | મયંક ધિરેનભાઈ અનંતરાય કામદાર (મોહનથાળ) | પોરબંદર |
| કારતક વદ-૧૧ | ચન્દ્રેશ જશુભાઈ પટેલ (અડદીયો) (હ. જે.કે. સ્વામી) | આકરૂંદ |
| કારતક વદ-૧૧ | ચીનુભાઈ એસ. ભાવસાર (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| કારતક વદ-૧૧ | ડૉ. જી. કે. પટેલ (દૂધપાક-માલપુવા) (હ. કુસુમબેન) | મહેસાણા |
| કારતક વદ-૧૩ | કૃષ્ણ વિજય હીરાણી, કંચન વિજય હીરાણી (મગસ) | સુખપુર-કચ્છ |
| કારતક વદ-૧૩ | અ.નિ. પલ્વીબેન લક્ષ્મણભાઈ પટેલ (બુંદી) (હ. મીનાબેન) | અમદાવાદ |
| કારતક વદ-૧૪ | દેઉ ભગત જયશીયારામ (મોહનથાળ (હ. કિશોરભાઈ મોઢા) | રાણાકંડોરાણા |
| કારતક વદ-૩૦ | પટેલ નરોતમભાઈ મોતીદાસ (ચુરમાના લાડુ) (હ. શા. સ્વામી નારાયણવલ્લભદાસજી) | કરજીસણ |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૬૬૬/- મૂળજીભાઈ કાચા ટેલર શ્રીજી પ્રસન્નાર્થે — લેસ્ટર (યુ.કે.)
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ — ધૂળકોટ-નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- ચૌહાણ સંદિપ અરવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બારડોલી
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ — દહેગામ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૧૫૧/- હિરલ ચિંતનકુમાર ઓસ્ટ્રેલીયાના ટી.આર. થયા તે નિમિત્તે — ઝુંડાલ
૫૦૦/- અ.નિ. પટેલ ઉષાબેન દશરથલાલ શ્રીજી પ્રસન્નાર્થે — અસલાલી
૧૦૧/- પટેલ પ્રવિણભાઈ સાંકળચંદ, — પડુસમા
ચિ. ધર્મેન્દ્ર તથા જસ્મિનના શુભ લગ્ન પ્રસંગે
૧૫૧/- જાદવ અજમલભાઈ એમ. ચિ. જીનલના લગ્ન પ્રસંગે — રતનપર
૨૦૦/- પોરીયા વિનોદભાઈ મોહનભાઈ — સુરત
ચિ. અનિતાના શુભ લગ્ન પ્રસંગે
૨૦૦/- પોરીયા વિનોદભાઈ મોહનભાઈ ચિ. ભરતના લગ્ન પ્રસંગે — સુરત
૧૦૦/- માંડલીયા ભાવિન રમેશભાઈ — અમદાવાદ
૧૧ સાયન્સમાં ૮૯% નિમિત્તે
૧૦૧/- અમીન ગોપીબેન જસ્મિનભાઈ જન્મદિને — અમદાવાદ
૧૧૧/- મોદી અમૃતલાલ મગનલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — સેટેલાઈટ
૧૦૧/- પટેલ અમૃતભાઈ ત્રિભોવનદાસ શ્રીજી પ્રસન્નાર્થે — ભટારીયા
૧૦૧/- કાછીઆ ચિરાગકુમાર મહેશભાઈ — લુણાવાડા
તા. ૧૫-૧૨-૧૨ પુત્રના જન્મ પ્રસંગે
૧૦૦/- પટેલ ચંદ્રિકાબેન ચંદુભાઈ ચિ. સમરના જન્મ દિને — નાના ઉભડા
૧૦૦/- પટેલ નારાયણભાઈ ઈશ્વરભાઈ — વિહાર
કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે
૨૦૨/- કાછીયા ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે — મલાડ-મુંબઈ
૧૦૧/- વાઘેલા અસ્મિતાબેન ધર્મેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગોધાવી
૧૦૧/- વાઘેલા લાભુબેન મેહુલસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગોધાવી
૧૦૧/- વાઘેલા આનંદીબા ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગોધાવી
૧૦૧/- વાઘેલા શિવસિંહ વેલુભા શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા
૧૦૧/- રાઠોડ પરેશ વાલજી જન્મ દિને — મુંબઈ
૧૦૧/- રાઠોડ હિતેશ વાલજી જન્મ દિને — મુંબઈ
૧૦૧/- રાઠોડ ભાવનાબેન કૌશિક જન્મ દિને — મુંબઈ
૧૦૫/- ચૌહાણ નવીનભાઈ તુલસીભાઈ — નવસારી
ફોર વીલ ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- વાઘેલા કૈલાસબા બળવંતસિંહ અરવિંદસિંહ — ગોધાવી
ધનુર્માસ નિમિત્તે
૧૦૧/- પોરીયા કાંતાબેન વિનોદભાઈ — સુરત
ભરત તથા અનિતાના લગ્ન પ્રસંગે
૧૦૧/- ટાંક હંસાબેન લલિતભાઈ ચિ. કીર્તિના લગ્ન પ્રસંગે — સુરત
૧૦૧/- પરમાર શાંતાબેન નાનજીભાઈના સ્મરણાર્થે — સુરત
૧૦૧/- પોંકીયા લીલાબેન નનુભાઈ હીરલબેનના લગ્ન પ્રસંગે — બાપુનગર
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા
૧૦૧/- ચૌહાણ ભાવિકાબેન લગ્ન પ્રસંગે — ધુળકોટ
૨૦૦/- પટેલ પરેશભાઈ ભીખાભાઈ — નાંદોલ
નવું બાઈક અને નવી દુકાન નિમિત્તે
૨૦૧/- પટેલ ખ્યાતિબેન અલ્પેશકુમાર
ફિઝીયોથેરાપીમાં માસ્ટર ડીગ્રી નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સૂકાટીંબા
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડિયા
૧૦૦/- પટેલ યુગ ધવલ જન્મ દિવસ નિમિત્તે — લસુન્દ્રા
૧૦૦/- પટેલ અતિથિ ભાવેશભાઈ જન્મદિવસ નિમિત્તે — લસુન્દ્રા
૨૦૦/- પટેલ કુંજ મનિષભાઈ જન્મદિવસ નિમિત્તે — મારુસણા
૧૦૦/- પટેલ બાબુલાલ ત્રિકમલાલ — વિરમગામ
૧-૧-૧૩ જન્મ દિવસ નિમિત્તે
૧૦૧/- ટાંક અંકિત બિપીનભાઈ ધનુર્માસ નિમિત્તે — મુંબઈ
૧૦૧/- ટાંક નિમેષ બિપીનભાઈ ધનુર્માસ નિમિત્તે — મુંબઈ
૧૦૧/- ટાંક નિયતિ પ્રવિણભાઈ ધનુર્માસ નિમિત્તે — મુંબઈ
૧૦૧/- ટાંક અંકિત બિપીનભાઈ નવું લેપટોપ લાવ્યા તે નિમિત્તે — મુંબઈ
૨૦૦/- પટેલ નટવરભાઈ કેશવલાલ — ભાવપુરા
તેમના પિતાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે
૨૦૦/- સિંધવ મધુબેન રણછોડભાઈ ભાણીના જન્મ નિમિત્તે — વણી
૨૦૦/- પટેલ ઈન્દુભાઈ શંકરદાસ પૌત્રના જન્મનની ખુશી નિમિત્તે — રાણીપ
૧૦૧/- મણીબેન નારણભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- મોરી અજીતભાઈ પથાભાઈ — કાલીયાણી
ભાણા અભયરાજના જન્મદિન નિમિત્તે
૧૦૧/- વાઘેલા તખુભા ઘનશ્યામસિંહ ધનુર્માસ નિમિત્તે — ગોધાવી
૧૦૧/- વાઘેલા ગીતાબા પ્રવિણસિંહ ધનુર્માસ નિમિત્તે — જોધપુર
૧૦૧/- ઝાલા પ્રકાશબા જનકસિંહ ધનુર્માસ નિમિત્તે — ખરાંટી
૧૦૧/- વાઘેલા લીલાબા ભુરુભા ધનુર્માસ નિમિત્તે — ગોધાવી
૧૦૧/- વાઘેલા અમરબા નવલસિંહ ધનુર્માસ નિમિત્તે — ગોધાવી
૧૦૧/- વાઘેલા શાંતુબા પ્રવિણસિંહ ધનુર્માસ નિમિત્તે — ગોધાવી
૧૦૧/- વાઘેલા વિલાસબા કાનજીભાઈ ધનુર્માસ નિમિત્તે — ગોધાવી
૨૦૧/- પટેલ ભીખાભાઈ મગનભાઈ ચિ. સંદિપના લગ્ન પ્રસંગે — ધાકડી
૧૦૧/- ડોડીયા ભલાભાઈ રમાભાઈના સ્મરણાર્થે તા. ૧૨-૧૨ — કડવાસણ
૧૦૧/- પટેલ બળદેવભાઈ ચતુરદાસ — ડાંગરવા
અ.નિ. કોકીલાબેનના સ્મરણાર્થે
૧૦૦/- મોરી જીગ્નેશભાઈ વિનોદભઈ જન્મ દિવસ નિમિત્તે — કાલિયાણા
૧૦૦/- ચૌહાણ ચુનીલાલ કે. રિમ્પલના લગ્ન નિમિત્તે — બારડોલી
૧૦૦/- રાઘવાણી કાંતિલાલ ચિ. અંકિતના લગ્ન નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- મોરી હરિભાઈ ભગવાનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કાલિયાણા
૧૦૦/- મોરી ભલાભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કાલિયાણા
૧૦૧/- મારવી યશવી ભરતભાઈ જન્મ દિવસ નિમિત્તે — મુંબઈ
૧૦૦/- દરજી મનોજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નરોડા
૧૧૧/- સોની રમેશચંદ્ર મનસુખલાલ — અમદાવાદ
બંને આંખના ઓપરેશન નિમિત્તે
૧૦૧/- પટેલ ચંચળબેન રમેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર
૧૦૧/- પટેલ ચંપાબેન મહેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — હઠીપુરા
૧૦૧/- પટેલ સવિતાબેન મનસુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — હઠીપુરા
૨૦૧/- પટેલ મનુભાઈ હરિભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે — હઠીપુરા
૫૦૧/- ચાવડા ભીખાજી મફાજી બિલોદરાથી જેતલપુર પગપાળા સંઘ નિમિત્તે — બિલોદરા
૧૦૦/- પટેલ જશોદાબેન પ્રવિણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — હઠીપુરા
૧૧૧/- ડાભી ભીખુભાઈ મુળુભાઈ — નરોડા
ચિ. મહેન્દ્ર ને ત્યાં ધ્રુવરાજના જન્મ નિમિત્તે
૧૦૦/- કાછીયા ભગવાનભાઈ રામજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બોટાદ
૧૦૧/- ચૌહાણ માવજીભાઈ પરસોતમભાઈ — રાજકોટ
ચિ. હિરેનકુમારના લગ્ન પ્રસંગે
૧૦૦/- પ્રજાપતિ અમિતભાઈ ગોવિંદભાઈ ધનુર્માસ નિમિત્તે — મોટેરા
૧૦૦/- પટેલ અશ્વિનાબેન મનુભાઈ જન્મ દિવસ નિમિત્તે — મોટેરા
૧૦૦/- ડૉ. અમરિશકુમાર ગંગારામભાઈ પટેલ — નરોડા
નવું ટીવી લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- દેસાઈ પરિતા રિતેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — શિકાગો
૫૦૧/- પટેલ મનુભાઈ નારણભાઈ ચિ. ગ્રીષ્માના લગ્ન નિમિત્તે — ઉનાવા
૧૦૦૧/- પટેલ અમરતભાઈ મફતભાઈ ચિ. ભૂમિકાના લગ્ન નિમિત્તે — ઉનાવા
૧૦૦/- કાછીઆ મૃગેશકુમાર દિનેશભાઈ પુત્રના જન્મ પ્રસંગે — કોઠંબા
૧૦૦/- પટેલ અલ્પેશકુમાર ત્રિકમલાલ — ગુલાબપુરા
ચિ. તીર્થના જન્મ દિવસ નિમિત્તે

૧૦૧/- ભાવસાર નરેશભાઈ રામકૃષ્ણ જન્મ દિવસ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાવળા
૧૫૧/- પટેલ અંકિત જગદીશભાઈ પુત્રીના જન્મ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ટાંક બિપીન મનસુખ જન્મદિને મુંબઈ
૧૫૧/- પટેલ મંગુબેન રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નારદીપુર
૫૦૦/- કસ્તુરબેન મહેશ લાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે યુ.એસ.એ.
૫૦૦/- હિરાણી રામુબેન કિશોર પરિવાર શ્રીજી પ્રસન્નાર્થે યુ.એસ.એ.
૧૦૧/- ભાવસાર દીપ સંજયભાઈ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ ગુણવંતલાલ ચંદુલાલ મોટેરા
ચિ. પૌત્ર આરવના જન્મદિન નિમિત્તે
૧૦૦/- પટેલ રસિકભાઈ પ્રહલાદભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- ઝીલ બ્યુટી નવી દુકાન કરી તે નિમિત્તે ઈન્ડિયા કોલોની
૧૦૧/- ભાવસાર અક્ષર દિલીપકુમાર લાંઘણજ
૧૧ સાયન્સમાં ફર્સ્ટ કલાસ નિમિત્તે
૧૦૦/- પટેલ દેવ કેતનભાઈ જન્મદિને નરોડા
૨૦૦/- અજીતભાઈ સોની નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે ગાંધીનગર
૧૦૦/- પટેલ હરિકૃષ્ણ કનુભાઈ ભાણા અર્થના જન્મ દિન નિમિત્તે નડીયાદ
૧૦૧/- કાછીયા આકાશ બિપીનચંદ્ર બાલાસિનોર
તા. ૭-૧ જન્મ દિવસ નિમિત્તે
૧૦૧/- ભાવસાર કોકીલાબેન વિઠ્ઠલભાઈ જન્મ દિવસ નિમિત્તે અમદાવાદ
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૦/- પટેલ પ્રેસીબેન સુનિલકુમાર જન્મ દિવસ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- અ.નિ. ઠક્કર દુષ્યંતભાઈ વાડીભાઈ પુણ્ય તિથિ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પરમાર હસુભાઈ મુળજીભાઈ ચીખલી
ચિ. ભાવિન તથા મયુરીના લગ્ન નિમિત્તે
૧૦૧/- સોનગરા કરશનભાઈ અમરસીભાઈ
૩૬૫ દિવસની મહામંત્રની અખંડ ધુન નિમિત્તે
૧૦૧/- પરમાર ખોડુભાઈ ગણેશભાઈ બળોલ-ભાલ
ચારધામની યાત્રા પ્રસંગે
૧૦૧/- પરમાર ગંભીરસિંહ ખોડુભાઈ બળોલ-ભાલવાળા
નવું બાઈક લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- પરમાર ભરતસિંહ ખોડુભાઈ પુત્ર જન્મ પ્રસંગે બળોલ-ભાલવાળા
૧૦૧/- પટેલ શૈલેષકુમાર રમણલાલ ડહીબાની સાબરમતી
પુણ્યતિથિ નિમિત્તે

૧૫૧/- ખુશીબેન જીજ્ઞેશભાઈ જન્મદિન નિમિત્તે મોરબી
૧૦૦/- પટેલ મલ્હાર પિયુષભાઈ આકરૂંદ
ધો. ૧૨ સેમિસ્ટાર-૩ માં ૮૪% આવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ સમીરકુમાર પૂનમભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સાયરા (બાયડ)
૧૦૦/- પટેલ કેવલ મિનેશકુમાર આકરૂંદ
૨૦-૧-૨૦૦૦ જન્મ દિવસ નિમિત્તે
૧૦૦/- પટેલ કાનન મિનેશકુમાર આકરૂંદ
૨૦-૧-૨૦૦૦ જન્મ દિવસ નિમિત્તે
૧૦૧/- મહેતા જીવંતિકાબેન લક્ષ્મીકાંત શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ મીતાબેન રાજેન્દ્રકુમાર શ્રીજી પ્રસન્નાર્થે ધનસુરા
૧૦૧/- મોદી પરેશકુમાર હસમુખલાલ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૧/- પટેલ નિમેષભાઈ નવિનચંદ્ર ૧૮-૧ જન્મ દિન નિમિત્તે અંકલેશ્વર
૧૦૧/- પટેલ પિયુષ નવિનચંદ્ર ૨૭-૧ જન્મ દિવસ નિમિત્તે અંકલેશ્વર
૧૦૧/- પટેલ દક્ષેશકુમાર સુરેશભાઈ નવું કોમ્પ્યુટર લાવ્યા તે નિમિત્તે સોજા
૧૫૧/- ભરવાડ માંડણભાઈ અરજણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાણોતર
૧૦૦/- કેરાઈ ઘનશ્યામ શીવજી કરસન નારણપર-કચ્છ
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૨૫૦/- કનુભાઈ શાહ મણીબેન જયંતિલાલની પુણ્યસ્મૃતિ નિમિત્તે દાહોદ
૧૦૦/- પટેલ લીલાબેન દિનેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે નારદીપુર
૧૫૧/- પ્રજાપતિ પ્રવિણચંદ્ર બહેચરદાસ પૌત્રના જન્મ દિને નરોડા
૧૦૦/- પટેલ કૈલાસબેન લાલભાઈ જન્મદિને ગાંધીનગર
૧૦૧/- પુજારા પાર્થ કેતનકુમાર જન્મદિવસ નિમિત્તે ધ્રાંગધ્રા
૧૦૦/- પટેલ વસંતભાઈ સીતારામભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે ઊંઝા
૧૫૧/- પટેલ દિપકભાઈ ઘનશ્યામભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૫૧/- પટેલ કાંતિલાલ જે. ના ચિ. દિનેશભાઈના અમદાવાદ
પુત્ર અલ્પેશને ત્યાં રેહાનના જન્મ નિમિત્તે
ચિ. દિનેશભાઈના પુત્ર અલ્પેશને ત્યાં રેહાનના જન્મ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- સુથાર વિનોદકુમાર ટી. મિતલના શુભ પ્રસંગ નિમિત્તે રાબડીયા
૫૦૦/- પટેલ સુરેશભાઈ નનુભાઈ અમદાવાદ
નવી ઑફિસ ખરીદી તે નિમિત્તે
૧૦૦/- કાછીયા હર્ષદભાઈ શાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૨૦૦/- ઉપાધ્યાય સોમનારાય જનોઈ પ્રસંગે અમદાવાદ
૧૦૦/- મીરાણી લીનાબેન એચ. આદિપુર-કચ્છ
ચિ. ક્રિશા અને કનુભાઈની રક્ષા નિમિત્તે

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**દાહોદ :** પ.ભ. કનુભાઈ જયંતીલાલ મોઢીયાના માતુશ્રી પ.ભ. મણીબેન તા. ૨૪-૧૨-૨૦૧૨ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**નાંદોલ (પાલનપુર) :** અમારા મોટાબેન પટેલ ભારતીબેન નટવરલાલ તા. ૩-૧-૨૦૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**દહેગામ :** પ.ભ. વિષ્ણુભાઈ શાંતિભાઈ પટેલ તા. ૧૬-૧૨-૨૦૧૨ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**લક્ષ્મીપુરા (હાલ વટવા-અમદાવાદ) :** પ.ભ. ભીખુભાઈ રામભાઈ ચાવડા તા. ૧૩-૧-૨૦૧૩ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. (જે ભાઈશ્રી વિજય ચાવડા કાલુપુર મંદિરના ડ્રાઈવરના દાદા થાય)

**અમદાવાદ :** પ.ભ. જયંતીલાલ ગિરધરલાલ મીસ્ત્રી (ધોલેરાવાળા)ના ધર્મપત્ની પભ. શારદાબેન તા. ૧૯-૧-૨૦૧૩ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**જીરાગઢ (હાલાર-મૂળીદેશ) :** પ.ભ. રાજેશભાઈ સવજીભાઈ વરૂના દાદીમા ગોમતીબેન પ્રેમજીભાઈ વરૂ (ઉંમર ૧૦૧ વર્ષ) તા. ૮-૧-૨૦૧૩ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**માંડવી (કચ્છ) :** શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને ધર્મકુળના કૃપાપાત્ર પ.ભ. નારણભાઈ શામજી હિરાણીના માતુશ્રી અને આપણા પ.ભ. અશોકભાઈ (પૌત્ર) અને પ્રપૌત્ર ભાઈશ્રી હરેન્દ્ર (લંડન યુ.કે.)ના દાદીમાં પ.ભ. વીરબાઈ શામજી હિરાણી (ઉ. ૮૭ વર્ષ) તા. ૨૪-૧-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.